ઘર ઘરની શાન સૌની માંગ
બિરયાની પુલાવ માટે સર્વશ્રેષ્ઠ
999
બ્રાન્ડ ચોખા હંમેશા વાપરો
શ્રી વિષ્ણુ ટ્રેડીંગ કાં.
Mobile : 9825581799, 9537627626
M/23, માધુપુરા માર્કેટ
શાહીબાગ રોડ, અમદાવાદ-૪.

Published & Posted at AHD P.S.O. Set No.-1 on every Thursday,
Reg. No. GAMC-382/2024-2026 Valid up to 31 December-2026
Licence to post without prepayment No. PMG/NG/128/2024-2026 - Valid up to 31.12.2026




સાપ્તાહિક શાહીન
Shaheen Gujarati WEEKLY

પુલાવ તેમજ બિરયાની માટે ઉત્તમ અને સ્વાદિષ્ટ
ચોખા
999
બ્રાન્ડ હંમેશા યાદ રાખો

Vol No.: 52 • Issue No.: 22 • Date: 08-05-2025 • Thursday • Page-8 • Rs. 6.00 • Annual subs. 300=00
Place of Publication :- B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society, Juhapura, Ahmedabad-380 055

# જાતિ આધારિત વસ્તી ગણતરી પારદર્શક, સંપૂર્ણ અને રાજકીય સ્વાર્થથી મુક્ત હોવી જોઇએ: પ્રોફેસર સલીમ એન્જિનિયર





નવી દિલ્હી: જમાઅતે ઈસ્લામી હિંદના ઉપાધ્યક્ષ પ્રોફેસર સલીમ એન્જિનિયરે દેશમાં થનારી રાષ્ટ્રીય વસ્તી ગણતરીમાં જાતિના સમાવેશને મંજૂરી આપવાના કેન્દ્રીય કેબિનેટના નિર્ણયને આવકાર્યો છે. મીડિયાને જારી કરાયેલા એક નિવેદનમાં ઉપાધ્યક્ષે કહ્યું કે અમે કેન્દ્રીય કેબિનેટના આ નિર્ણયને આવકારીએ છીએ જેમાં આગામી રાષ્ટ્રીય વસ્તી ગણતરીમાં જાતિ આધારિત આંકડાઓને સામેલ કરવામાં આવશે. પ્રોફેસર સલીમ એન્જિનિયરે કહ્યું કે ભારતમાં જાતિ પ્રથા આજે પણ એક મજબૂત સામાજિક માળખું ધરાવે છે જે શિક્ષણ, રોજગાર અને રાજકીય પ્રતિનિધિત્વને અસર કરે છે. જાતિ આધારિત વસ્તી ગણતરી એક સામાજિક, કાનૂની, વહીવટી અને નૈતિક જરૂરિયાત છે જેથી પછાત વર્ગો, દલિતો અને આદિવાસીઓને થયેલા ઐતિહાસિક અન્યાયનું નિવારણ લાવી શકાય. તેમણે કહ્યું કે અમે આશા રાખીએ છીએ કે આ વસ્તી ગણતરી સચોટ આંકડા પ્રદાન કરશે જેથી વિવિધ વર્ગો માટે ન્યાયપૂર્ણ અને વધુ સારી કલ્યાણકારી નીતિઓ બનાવી શકાય અને વંચિત વર્ગોના સામાજિક અને આર્થિક વિકાસને શક્ય બનાવી શકાય. આ એક સ્વીકૃત હકીકત છે કે જો વસ્તુને માપવા માટે કોઈ માપદંડ હોય તો જ તેનું વધુ સારી રીતે સંચાલન થઈ શકે છે. તેથી, જાતિ આધારિત ડેટા, નીતિ નિર્માણ અને સર્વગ્રાહી વિકાસ માટે આવશ્યક છે. જાતિ આધારિત વસ્તી ગણતરી ખાનગી ક્ષેત્રની વધતી ભૂમિકા અને સરકારી નોકરીઓમાં ઘટાડાની પૃષ્ઠભૂમિમાં વંચિત વર્ગો માટે અનામત નીતિઓને મજબૂત કરવામાં મદદ કરશે.

પ્રોફેસર સલીમ એન્જિનિયરે કહ્યું કે ભૂતકાળમાં સંસદમાં આપવામાં આવેલા સરકારી નિવેદનો દર્શાવે છે કે સરકાર અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)થી આગળ જાતિની ગણતરીના વિરોધમાં હતી. પરંતુ હવે એવું લાગે છે કે આખરે તેણે તેની ઉપયોગિતા અને જરૂરિયાતને સ્વીકારી લીધી છે. તેમણે કહ્યું કે ૨૦૧૧ની સામાજિક, આર્થિક અને જાતિ આધારિત વસ્તી ગણતરીની નિષ્ફળતા, જે નબળા આયોજન અને નિષ્ક્રિયતાનો ભોગ બની હતી, તે દર્શાવે છે કે વસ્તી ગણતરી માટે એક અસરકારક અને મજબૂત માળખાની તાતી જરૂરિયાત છે. અમે સમજીએ છીએ કે આ પ્રક્રિયા પારદર્શક, સંપૂર્ણ અને રાજકીય સ્વાર્થથી મુક્ત હોવી જોઈએ જેથી પછાત વર્ગોને સાચા અર્થમાં સશક્ત બનાવી શકાય અને બંધારણની કલમ ૧૪, ૧૫ અને ૧૬ હેઠળ આપવામાં આવેલા અધિકારોનું રક્ષણ કરી શકાય.

જમાઅતે ઈસ્લામી હિંદના ઉપાધ્યક્ષે વધુમાં કહ્યું કે સરકારે આ સમગ્ર પ્રક્રિયા માટે એક સ્પષ્ટ અને નિર્ધારિત સમયમર્યાદા જાહેર કરવી જોઈએ. વસ્તી ગણતરી માટે યોગ્ય બજેટ ફાળવવામાં આવવું જોઈએ. આ વસ્તી ગણતરીનો મૂળ હેતુ સામાજિક ન્યાય હોવો જોઈએ, રાજકીય લાભ મેળવવાનો નહીં.

તેમણે કહ્યું કે અમે એ વાત સાથે સહમત નથી કે જાતિ આધારિત વસ્તી ગણતરી સામાજિક ભેદભાવને પ્રોત્સાહન આપે છે. ભારતમાં વસ્તી ગણતરીમાં ધર્મ અને ભાષાના આધારે ગણતરીનું કામ પહેલાંથી જ થઈ રહ્યું છે અને ૧૯૫૧થી એસસી/એસટીની ગણતરી પણ થઈ રહી છે. તેનાથી ક્યારેય કોઈ સામાજિક સંઘર્ષ પેદા થયો નથી. બિહાર અને તેલંગાણા જેવા રાજ્યોમાં જાતિ આધારિત વસ્તી ગણતરીના સફળ ઉદાહરણો મૌજૂદ છે. જાતિ આધારિત વસ્તી ગણતરી, દેશમાં સામાજિક ન્યાયની લડાઈનો એક મહત્ત્વપૂર્ણ તબક્કો છે અને આપણે સૌએ સાથે મળીને બધા માટે ન્યાયની લડતને આગળ વધારવી જોઈએ.

મસા ભગંદર હરસ
ગુદા માર્ગના અન્ય રોગોનું ગુજરાતમાં પ્રથમવાર વીડીયો રેકટોસ્કોપ દ્વારા નિદર્શન અને સચોટ નિદાન
રેડિયો ફ્રિકવન્સી, લેસર, એનસીલર દ્વારા સારવાર
કટીંગ સેટોન દ્વારા ભગંદરનો સચોટ અને સંપૂર્ણ ઈલાજ
ડે-કેર દાખલ થવાની જરૂર નથી
ડો. એમ. સાદિક કાઝી (MBBS, M.S.) (કન્સલ્ટીંગ સર્જન)
ફોન: ૮૨૬૪૦૦૪૧૪૨, ૬૫૪૫૯૫૧૩


પેશન્ટ હાઉસ
નરોત્તમ ઝવેરી હોલ સામે, પાલડી,
અહમદઆબાદ

# મૌલાના ગુલામ મુહમ્મદ વસ્તાનવીની સર્વગ્રાહી સેવાઓ હંમેશાં યાદ રહેશે : અમીર જમાઅતે ઈસ્લામી હિંદ



મૌલાના ગુલામ મુહમ્મદ વસ્તાનવીના નિધનના સમાચાર પર અમીર જમાઅતે ઈસ્લામી હિંદ સૈયદ સઆદતુલ્લાહ હુસૈનીએ ઊંડા દુ:ખ અને શોકની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે તેમનું નિધન આ નાજુક સમયે ભારતના મુસ્લિમો માટે એક મોટી ખોટ છે. તેમના નિધનથી આપણે એક નિષ્ઠાવાન ખાદિમે કુર્આન, બાકમાલ વ્યવસ્થાપક, દીની અને આધુનિક શિક્ષણના વિશિષ્ટ નિષ્ણાંત અને સાહબે બસીરત આલિમ દીનથી વંચિત થઈ ગયા છીએ.

કોમોની પ્રગતિમાં સંસ્થા નિર્માણ અને ઉત્તમ વ્યવસ્થાપનની ક્ષમતા ચાવીરૂપ ભૂમિકા ભજવે છે, અને મૌલાના વસ્તાનવીનું વ્યક્તિત્વ આ ગુણનું તેજસ્વી ઉદાહરણ હતું. તેમણે માત્ર અનેક પડકારોનો હિંમત અને શાણપણથી સામનો કરીને અનેક દીની અને આધુનિક શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપી જ નહીં, પરંતુ પોતાની કાર્યદક્ષતા, દૂરંદેશી અને ઉત્તમ વ્યવસ્થાપનથી તેમને ટૂંકા સમયમાં ઉચ્ચ ગુણવત્તાવાળી સંસ્થાઓની હરોળમાં લાવી દીધી. દીની અને આધુનિક વિજ્ઞાનના સમન્વયની મુસ્લિમ સમુદાયના વાતોના વિવિધ વર્તુળોમાં સતત થતી રહી છે, પરંતુ તેમની દેખરેખ હેઠળ તેનો જે સફળ અને અસરકારક અનુભવ થયો, તે દેશમાં પોતાની રીતે અનોખો છે.

વિવિધ પ્રોફેશનલ વિજ્ઞાનોમાં દીની તાલીમ અને ચારિત્ર્ય ઘડતર સાથે નિષ્ણાંત વ્યક્તિઓની તૈયારી એક મહત્ત્વપૂર્ણ જરૂરિયાત છે. આપે આ લાંબા સમયના સ્વપ્નને પણ સાકાર કરી બતાવ્યું. મૌલાના મર્હૂમ એક કર્મઠ વ્યક્તિત્વના માલિક હતા, તેઓ સમયની માંગ અને જરૂરિયાતોને સારી રીતે સમજતા હતા અને તેમને સંતુલન, મધ્યસ્થતા અને કુનેહ સાથે પૂર્ણ કરવાની અસાધારણ ક્ષમતા ધરાવતા હતા.

પોતાની આ વિવિધ ક્ષમતાઓને જે સ્થિરતા, નિખાલસતા અને બલિદાનની ભાવના સાથે તેમણે ઉમ્મતની સેવા અને ઈસ્લામિક શિક્ષણના પ્રચાર માટે ઉપયોગ કર્યો, તે ચોક્કસપણે તેમને મિલ્લતના મહાન ઉપકારીઓમાં સામેલ કરે છે.

જમાઅતના અમીરે ફરમાવ્યું કે મૌલાના વસ્તાનવી ઉમ્મતના એકતાના સાચા આહ્વાન કરનારા અને મજબૂત હિમાયતી હતા. તેઓ તમામ વિચારધારાઓની પ્રતિનિધિ વ્યક્તિઓ સાથે ગાઢ સંબંધો ધરાવતા હતા અને તેમની દીની સેવાઓને આદરની નજરે જોતા હતા.

જમાઅતના અમીરે મૌલાના મર્હૂમ સાથેના પોતાના અંગત સંબંધોનો ઉલ્લેખ કરતાં ફરમાવ્યું, “તેમની સાથે મારા સંબંધો તે સમયથી છે જ્યારે હું એસઆઈઓનો પ્રમુખ હતો. અમારા આમંત્રણ પર તેઓ એસઆઈઓના કેટલાક કાર્યક્રમોમાં પણ પધાર્યા હતા અને ખૂબ જ સ્નેહથી પોતાની સંસ્થાની મુલાકાત અને નિરીક્ષણ પણ કરાવ્યું હતું. યુવાનોની દેખરેખ, પ્રોત્સાહન અને નમ્રતા તેમના સર્વગ્રાહી વ્યક્તિત્વની એક મહત્ત્વપૂર્ણ વિશેષતા હતી.”

અંતમાં, જમાઅતના અમીરે મર્હૂમના પરિવારજનો, ખાસ કરીને તેમના આદરણીય મિત્ર જનાબ હુઝૈફા વસ્તાનવીને સાંત્વના પાઠવતાં દુઆ કરી કે અલ્લાહ તઆલા મૌલાના મર્હૂમના દરજ્જાતને બુલંદ કરે, તેમની અજોડ સેવાઓને તેમના માટે સદકએ જારિયા બનાવે, તેમના મહાન મિશનના સાતત્યની વ્યવસ્થા કરે અને પરિવારજનોને સબરે જમીલ અતા કરે. આમીન.

Shelter's Lemonade
Barley Water
Refreshing Diuretic
કિડની ની પથરીનો કુદરતી ઉપચાર

Shelter
www.shelter.co.in
9898633551
Shelter Pharma Ltd.

સાપ્તાહિક શાહીન
Shaheen Gujarati WEEKLY
/shaheenweekly.info

## તંત્રી સ્થાનેથી...

# ન્યાયપાલિકાને ઠેડામાં ઊભી રાખવાનો નિંદનીય પ્રયાસ

ક્યારેક અપાયેલાં નિવેદનો માત્ર શબ્દો સુધી સીમિત નથી રહેતાં, પરંતુ તે એ વિચારો અને ઈરાદાઓનું પ્રતિબિંબ હોય છે જે કોઈ વ્યક્તિની વાસ્તવિકતાને ઉજાગર કરે છે. આ સમયે કેન્દ્ર સરકારના કેટલાક મંત્રીઓ અને સત્તારૂઢ પક્ષના નેતાઓ તરફથી સુપ્રીમ કોર્ટ પર જે રીતે અપશબ્દોની ભાષામાં ટિપ્પણીઓ સામે આવી રહી છે, તેમને શબ્દોથી પર જઈને પણ સમજવી પડે છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેનું તાજેતરનું નિવેદન કે જેમાં તેમણે દેશની સર્વોચ્ચ અને સૌથી સન્માનિત સંસ્થા, સુપ્રીમ કોર્ટને ગૃહયુદ્ધ જેવી સ્થિતિ માટે દોષી ઠેરવી એ રાજકીય બેશરમીની પરાકાષ્ઠા છે. સાથે જ આ ભારતીય ન્યાયપાલિકા અને લોકતાંત્રિક સંસ્થાઓ પર એક સીધો હુમલો છે. આ એ ઝેર છે જે હવે ભાષણોમાંથી નીકળીને દેશની સંસ્થાઓના મૂળમાં સમાવવાની કોશિશ કરી રહ્યું છે. આ ટિપ્પણી માત્ર કોઈ એક સાંસદનો કુત્સિત આરોપ નથી, બલ્કે તે એક વ્યાપક માનસિકતાનો પરિચય છે-એવી વિચારસરણી છે જે દરેક એ સંસ્થાને ફગાવી દેવા માંગે છે જે બંધારણ, ન્યાય અને જવાબદારીના પાયા પર ઊભી છે. સવાલ એ નથી કે કોણે આ કહ્યું, સવાલ એ છે કે આ નિવેદન કોના વિષે આપવામાં આવ્યું અને તેની સાથે કેટલા સવાલો વણકહ્યા રહી ગયા. જે દેશમાં અદાલતોને ન્યાયનું છેલ્લું ઠેકાણું માનવામાં આવે છે, જ્યાં સુપ્રીમ કોર્ટ માત્ર ફેંસલા જ નથી સંભળાવતી બલ્કે બંધારણની આત્માની રક્ષા પણ કરે છે, ત્યાં જો સંસદમાં બેઠેલો કોઈ પ્રતિનિધિ તેને ગૃહયુદ્ધ જેવી સ્થિતિ માટે જવાબદાર ઠેરવવા લાગે તો આ માત્ર શબ્દોની ગેરસમજ નથી બલ્કે લોકશાહીના પાયાને નબળો પાડવાનું ષડ્યંત્ર છે. નવાઈની વાત આ છે કે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આવા લોકોનું નેતૃત્વ કરતા દેખાયા. અત્રે સુપ્રીમ કોર્ટના બે ફેંસલા ટકરાવનો મુદ્દો બન્યા છે. એક ફેંસલામાં રાજ્યપાલોની મનમાની પર રોક લગાવતાં સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે રાજ્ય વિધાનસભામાં પસાર થયેલા ખરડાને રાજ્યપાલ લાંબા સમય સુધી મંજૂરી આપ્યા વિના પોતાની પાસે નહીં રાખી શકે. જો રાજ્યપાલ કોઈ ખરડાને પોતે મંજૂરી ન આપતાં તેને રાષ્ટ્રપતિ પાસે મોકલે છે તો રાષ્ટ્રપતિએ પણ તેના પર ત્રણ મહિનાની અંદર ફેંસલો લેવો પડશે. આ ફેંસલો આવતાંની સાથે જ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને કેન્દ્ર સરકારના મંત્રીઓ ગુસ્સે ભરાયા અને અમર્યાદિત ભાષામાં સુપ્રીમ કોર્ટને પોતાની મર્યાદામાં રહેવાની સલાહ આપવા લાગ્યા. એવું નથી કે સુપ્રીમ કોર્ટના ફેંસલાથી નારાજ લોકોને આ ખબર નથી કે સુપ્રીમ કોર્ટે આ દરમ્યાનગીરી શા માટે કરવી પડી. દેખીતી રીતે ધનખડ તો બંધારણીય બાબતોના જાણકાર છે, ત્યારે જ ઉપરાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા. પરંતુ તેમને રાજ્યપાલોની બદદાનત અને મનમાની પર બંધારણીય અંકુશ મંજૂર નથી.

સુપ્રીમ કોર્ટ સાથે સરકારના ટકરાવનો બીજો મામલો તો વધારે ગંભીર સ્થિતિમાં પહોંચી ગયો છે. કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલા વક્ફ સુધારાના કાયદાની જોગવાઈઓ પર સુપ્રીમ કોર્ટે રોક લગાવીને સરકાર પાસેથી કેટલાક સ્પષ્ટીકરણો માંગ્યા છે. સુપ્રીમ કોર્ટનો આ વચગાળાનો આદેશ આવતાંની સાથે જ ભાજપના નેતાઓ તરફથી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પર હુમલા શરૂ થઈ ગયા છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ કહ્યું, 'ભારતમાં ચાલી રહેલા ગૃહ યુદ્ધો માટે મુખ્ય ન્યાયાધીશ જસ્ટિસ સંજીવ ખન્ના જવાબદાર છે.' આ સિલસિલામાં દુબેએ પોતાની ઝેરીલી જીભથી દેશના પૂર્વ મુખ્ય ચૂંટણી કમિશનર એસ.વાય. કુરેશીને પણ નિશાન બનાવ્યા. વક્ફ સુધારા કાયદાને લઈને કુરેશીની એક પોસ્ટના જવાબમાં દુબેએ કહ્યું કે, 'તમે મુખ્ય ચૂંટણી કમિશનર નહીં, મુસ્લિમ કમિશનર હતા.'

શું આ ટિપ્પણીઓ ન્યાયાલયની અવમાનના નથી ? શું આ મુખ્ય ન્યાયાધીશ અને સમગ્ર ન્યાયપાલિકાની નિયત પર સીધો સવાલ નથી ઉઠાવતો ? નિશિકાંત દુબે પર પોતે ડઝનો ફોજદારી કેસો પેન્ડિંગ છે- ઘણી ગંભીર કલમોમાં. તે પોતે ન્યાયપાલિકા સમક્ષ જવાબદાર છે. અને આજે તે જ વ્યક્તિ ન્યાયપાલિકાને આરોપીના પાંજરામાં ઊભી કરી રહી છે. આ કોઈ એક સંસ્થાનું નહીં, બલ્કે સમગ્ર લોકતાંત્રિક માળખાનું અપમાન છે. અને આ અપમાનને સહન કરવું, ચૂપ રહેવું-માત્ર દુર્ભાગ્યપૂર્ણ જ નહીં, પરંતુ એક ખતરાની ઘંટી પણ છે. ભલે ભાજપ આ નિવેદનથી પોતાને અલગ કરી લે, પણ તેની ચુપ્પી પર સવાલ બની રહેશે. શું આ મૌન સંમતિની સાંઠગાંઠ નથી? શું આ સત્તાની એ ચાલ નથી જેમાં બંધારણની રક્ષા કરનારા દરેક અવાજ પર કાં તો સમાધાનનું દબાણ હશે અથવા હુમલાનો ખતરો? શું તે એ બંધારણ સાથે ઊભો રહેશે જે કરોડો ભારતીયોની આશા, સુરક્ષા અને અસ્મિતા છે? કે તે એ અવાજોને પ્રોત્સાહન આપશે જે બંધારણને કચડીને પોતાની સત્તાની સીડીઓ ચઢવા માંગે છે? કારણ કે આ લડાઈ કોઈ એક વ્યક્તિ, એક પક્ષ કે એક અદાલત સુધી સીમિત નથી. બલ્કે આ લડાઈ ભારતના લોકતાંત્રિક અસ્તિત્વની છે. આ લડાઈ એ વિશ્વાસની છે જે કરોડો લોકોએ બંધારણના પુસ્તકમાં જોયો હતો. અને આ લડાઈ હવે માત્ર ન્યાયાલયોની નથી, બલ્કે દરેક સજાગ નાગરિકની છે. જો આજે અદાલતો ચૂપ રહી, તો કાલે અદાલતો નહીં બચે. અને જ્યારે અદાલતો નહીં બચે, તો ન્યાય પણ માત્ર પુસ્તકો સુધી સીમિત થઈ જશે અને આ દેશ પોતાના જ પડછાયાથી ડરવા લાગશે. શું હજી પણ એ સમય નથી આવ્યો કે સુપ્રીમ કોર્ટ પોતાની ગરિમા માટે ઊભી થાય, અને એક એવો સંદેશ આપે, જે એ સાબિત કરી દે કે ન્યાયની દીવાલો એટલી નબળી નથી હોતી?

મોમિન તો અસલમેં વો હી હૈ જો અલ્લાહ ઔર ઉસકે રસૂલ કો દિલોજાન સે માનતે હૈં. (સૂરઃ અલ-નૂર-૬૨)

ખુશ ખબર....

સુગર કેટલ ફાર્મ

www.Sugarcattlefarm • E-mail : vhorasalim975@gmail.com



કુરબાની કરવાનું ઇસ્લામમાં અલ્લાહ સુબ્હાનહુ તઆલાનું ફરમાન છે
અમારૂં બકરા ઉછેર કેન્દ્ર એકમાત્ર સમગ્ર ભારત દેશમાં આધુનિક ઢબથી બનાવેલ છે

આશરે ૭૦૦ બકરા ઉપલબ્ધ છે






નરોડા-દેહગામ-હરસોલ રોડ, તા.તલોદ, જિ.સા.કાં. મો: ૦૯૯૦૯૦૮૮૭૮૬, ૦૮૨૦૦૯૮૨૧૨૮, ૦૯૮૯૮૧૮૨૦૩૨




અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.

## ઈમાન લાવ્યા બાદ કુફ્ર અપનાવવું જુલ્મ છે

**"કેવી રીતે બની શકે કે અલ્લાહ તે લોકોને માર્ગદર્શન આપે જેમણે ઈમાનની કૃપા (નેઅ્મત) પામ્યા પછી ફરીથી કુફ્ર (ઈન્કાર) અપનાવ્યું, જો કે તેઓ પોતે આ વાતની સાક્ષી આપી ચૂકયા છે કે આ રસૂલ સત્ય ઉપર છે અને તેની પાસે સ્પષ્ટ નિશાનીઓ પણ આવી ચૂકી છે. અલ્લાહ અત્યાચારીઓને તો માર્ગદર્શન આપતો નથી. તેમના અત્યાચારોનો સાચો બદલો આ જ છે કે તેમના ઉપર અલ્લાહ અને ફરિશ્તાઓ અને તમામ મનુષ્યોની ફિટકાર છે." (સૂરઃ આલે ઈમરાન, આયત-૮૬, ૮૭)**

**ઈમાન અને જવાબદારી :**

મનુષ્ય પોતાના અકીદા (ધાર્મિક વિશ્વાસ)ને અપનાવવા અને તે મુજબ જીવન જીવવા માટે સ્વતંત્ર છે. કોઈના પર બળજબરી કરવામાં નથી આવતી. પરંતુ દરેક મનુષ્યે પોતાના દરેક નિર્ણય કે ફેસલા અને અમલ માટે અલ્લાહ સમક્ષ ઉત્તરદાયી હોવું પડશે.

આ આયતમાં એ લોકોનો ઉલ્લેખ છે કે જેઓ સત્યને ઓળખ્યા બાદ ઠુકરાવી દે છે. તેઓ ફક્ત ઈમાન લાવે છે એટલું જ નહીં, બલ્કે ઈમાન લાવ્યા બાદ આ સાક્ષી પણ આપે છે કે નબી મુહમ્મદ ﷺ હક્ક (સત્ય) પર છે, અને અલ્લાહે લોકોને સત્ય-માર્ગ દેખાડવા માટે તેમને મોકલ્યા છે. પરંતુ આ બધું સ્વીકાર્યા ને માન્યા પછી પણ તેઓ કુફ્ર (સત્યનો ઈન્કાર) કરી બેસે છે.

ઈમાન છોડીને કુફ્ર અપનાવવું એ એક ગંભીર જુલ્મ છે. ઈસ્લામ કોઈ ખેલ-તમાશો નથી કે જ્યારે ઈચ્છયું ત્યારે ઈમાન લઈ આવ્યા અને જ્યારે ઈચ્છયું છોડી દીધું. નબી ﷺને સાચા માનવા છતાં, તેમના દ્વારા લાવેલા દીનથી વિમુખ થઈ જવું બહુ મોટો ગુનાહ છે. કુર્આન આને 'જુલ્મ' કહે છે, કેમકે 'જુલ્મ'નો સાચો અર્થ થાય છે કોઈ વસ્તુને તેના ખરા સ્થાનથી ખસેડી દેવું. હક્ક-સત્યને જાણીને પણ ઠુકરાવવું. હિદાયના પ્રકાશથી ભટકીને અંધારામાં જવું-સૌથી મોટો ગુનાહ-જુલ્મ છે.

**કુફ્રની સજા અલ્લાહ અને તમામ મખ્લૂકની લાનત :** આવા લોકો પર અલ્લાહની લાનત હોય છે. ફરિશ્તા અને તમામ મનુષ્યો પણ તેમને ધિક્કારે છે. તેમનું પોતાનું ચારિત્ર્ય એટલું અધોગતિ પામે છે કે લોકો પણ તેમને બૂરા સમજવા લાગે છે. આખિરતમાં મળનારી રુસ્વાઈ (અપમાન, તિરસ્કાર)ની સજા દુનિયામાં જ તેમના માટે શરૂ થઈ જાય છે.

**હિદાયત (માર્ગદર્શન)થી વંચિતતા :**

જે લોકો ઈમાન લાવ્યા બાદ કુફ્રની તરફ પાછા ફરી જાય છે, અલ્લાહ તેમના દિલોથીમાંથી હિદાયત છીની-ઝૂંટવી લે છે. તેઓ સત્યને ઓળખવા લાયક નથી રહેતા અને અંધકારમાં ભટકતા રહે છે. આ આયતથી આપણને આ સમજવાની આવશ્યકતા છે કે ઈમાન ફક્ત મોઢેથી કે મૌખિક રીતે કહી દેવાની વસ્તુ નથી, બલ્કે આને નિભાવવું પણ પડે છે. ઈમાનને છોડીને કુફ્ર અપનાવવું એ ફક્ત અલ્લાહના ગઝબ-પ્રકોપને બોલાવવો જ નથી, બલ્કે આ માનવીને દુનિયા અને આખિરત બન્નેમાં રુસ્વા કરી દે છે.




## સ્વચ્છતા અને સફાઈ

**(૩) અનુવાદ :**

**"હઝરત આયશા રદિ. વર્ણવે છે કે રસૂલુલ્લાહ જમણો હાથ વઝુ અને ખાવાનું ખાવામાં ઉપયોગમાં લેતા હતા, અને ડાબા હાથથી ઈસ્તિન્જા અને તેના જેવા કામો કરતા હતા."[૩] (અબૂ દાઊદ)**

**સમજૂતી :**

[૩]આ સફાઈ અને સ્વચ્છ પ્રકૃતિનો તકાદો છે કે પવિત્ર કામો જમણા હાથથી કરવામાં આવે. રહ્યા બીજા કામો જેમકે કુદરતી હાજતથી ફારેગ થઈને હાથ-પાણી લેવું (સફાઈ કરવી), નાકની ગંદકી સાફ કરવી વિ. તો તે ડાબા હાથથી કરવા જોઈએ.

**(૪) અનુવાદ :**

**હઝરત મુઆવિયહ બિન કુર્રા પોતાના પિતાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ એ આ બે વનસ્પતિ લસણ અને ડૂંગળીથી મનાઈ ફરમાવી છે, અને કહ્યું છે કે "જે વ્યક્તિ આમને ખાય એ અમારી મસ્જિદની નજીક ન આવે."[૪] અને આપ એ ફરમાવ્યું : જો આમનું ખાવું અનિવાર્ય હોય તો રાંધીને આમની ગંધને ખતમ કરવી જોઈએ."[૫] (અબૂ દાઊદ)**

**સમજૂતી :**

[૪]આ સ્વચ્છતા અને પવિત્રતાનો તકાદો છે કે જે વસ્તુઓની ગંધ અપ્રિય હોય તેમના ખાવામાં સાવચેતીથી કામ લેવામાં આવે. આવી વસ્તુઓ ખાઈને કોઈ મજલિસ કે મસ્જિદમાં તો કદાપિ જવું ન જોઈએ, કેમકે તેનાથી બીજાઓના સ્વભાવને અપ્રિય જણાશે અને તેમને ભારે પીડા થશે.

આ હદીસ જણાવે છે કે ઈસ્લામમાં સફાઈ-સુથરાઈ પાકીઝગી (પવિત્રતા) અને સ્વચ્છતાનું કેટલી હદ સુધી ધ્યાન રાખવામાં આવ્યું છે કે સામૂહિક આદાબ (શિષ્ટાચાર)માં પણ આને સામેલ કરી દેવામાં આવ્યા છે. [૫]દીનમાં કોઈ પણ પ્રકારની તંગી રાખવામાં નથી આવી. આથી જ ફરમાવ્યું કે જો ડૂંગળી અને લસણનું ખાવું કોઈ કારણસર જરૂરી અને અનિવાર્ય હોય તો તેમને રાંધીને ખાય કે જેથી તેમની ગંધ મરી-ખતમ થઈ જાય.

### સીધી પ્રકૃતિ

**(૧) અનુવાદ :**

**હઝરત અલી રદિ.થી રિવાયત છે કે રસૂલે ખુદા એ ઈર્શાદ ફરમાવ્યું : "જે વ્યક્તિ અલ્લાહે આપેલા થોડા રિઝ્ક પર રાજી થઈ જાય તો અલ્લાહ પણ તેનાથી (તેના) થોડા અમલ પર રાજી થઈ જાય છે."[૧] (અલ બયહકી ફી શો'બુલ ઈમાન)**

**સમજૂતી :**

[૧]અલ્લાહને ત્યાં અસલ વસ્તુ કે જેની કદર અને મૂલ્ય છે એ બંદાની સ્વભાવની સલામતી છે. જો કોઈ વ્યક્તિ પ્રકૃતિ અને સ્વભાવમાં વક્રતા કે વાંકાપણું છે તો તેના મોટામાં મોટા કારનામાનું પણ અલ્લાહની નજરમાં કોઈ કીંમત નથી. પરંતુ જો માણસ કોઈ પણ પ્રકારના 'નિફાક' (દંભ)માં સપડાયેલ કે લિપ્ત નથી, ન તેનામાં કોઈ વક્રતા જોવા મળે છે અને ન તો તેની પ્રકૃતિમાં કોઈ ખરાબી કે બૂરાઈ છે તો એ પોતાના માટે તો સૌથી કીમતી, રાહત આપનાર અને પ્રસન્નતાની મૂડી તેને સમજશે કે અલ્લાહ તેનો છે. ત્યાર પછી જીવનમાં બીજી વસ્તુઓના ઘટાડા-વધારાનું તેની દૃષ્ટિમાં કોઈ ખાસ મહત્ત્વ નથી રહી જતું. જો કોઈ વ્યક્તિમાં આ વાત પેદા થઈ ગઈ તો સમજી લો કે તેને સીધી પ્રકૃતિ પ્રાપ્ત છે. સ્વસ્થ હૃદય અને સીધા સ્વભાવ આપણને પ્રાપ્ત છે કે નહીં તેની એક એવી ઓળખ આ હદીસમાં વર્ણવવામાં આવી છે કે જેનાથી દરેક માણસ ફાયદો ઉઠાવી શકે છે. કોઈ વ્યક્તિને જો દુનિયામાં ઓછું રિઝ્ક મળ્યું અને તે તેના પર રાજી રહી, કોઈ શિકાયત તેણે ન કરી તો તેની પવિત્ર પ્રકૃતિ અનેસીધા સ્વભાવનો એ સ્પષ્ટ પુરાવો તેને ચોક્કસપણે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત થશે, ચાહે દુન્યવી જીવનમાં એ બહુ વધુ અમલ ન કરી શકયો હોય. તેની અંદર એક એવો ગુણ જોવા મળે છે જેનાથી દરેક વસ્તુનું પ્રાયશ્ચિત થઈ જાય છે. આ ગુણ અને ખૂબીથી જો કોઈ વ્યક્તિ વંચિત છે તો તેનું પ્રાયશ્ચિત કોઈ પણ અમલથી શક્ય નથી.

❑❑❑❑❑❑

"જ્ઞાન સભા"

## અકીકા સંબંધિત પ્રશ્નો

"જ્ઞાન સભા"

ડો.રઝિયુલ ઈસ્લામ નદવી

**પ્રશ્ન : મારી ભાભીને જ્યારે મારા ભાઈ (તેમના પતિ)એ તલાક આપી ત્યારે તે ગર્ભાવસ્થામાં હતા. પરંતુ હજી તેમનો ગર્ભ ફક્ત ત્રણ મહિનાનો હતો કે ગર્ભપાત થઈ ગયો.**

**ગર્ભવતીની ઈદ્દત ગર્ભ નિવારણ સુધી વર્ણવવામાં આવી છે. શું ગર્ભપાતની સ્થિતિમાં આ સમજી લેવામાં આવે કે તેમની ઈદ્દત પૂરી થઈ ગઈ ? અથવા તેનો કોઈ બીજો હુકમ છે? મહેરબાની કરી સ્પષ્ટતા કરો.**

ઉત્તર: ઈદ્દતના આદેશો કુર્આનમજીદમાં વર્ણવી દેવામાં આવ્યા છે. યુવાન સ્ત્રીની ઈદ્દત ત્રણ માસિક સ્ત્રાવ છે. અલ્લાહતઆલાનો ઈર્શાદ છે:

"જે સ્ત્રીઓને તલાક આપવામાં આવી હોય, તેઓ ત્રણ વખત માસિક સ્ત્રાવની મુદ્દત આવી જાય ત્યાં સુધી પોતાને રોકી રાખે." (સૂરઃ બકરહ, આયત-૨૨૮)

અને સગર્ભા મહિલાઓની ઈદ્દત ગર્ભનું નિવારણ થવા સુધી વર્ણવાઈ છે. કુર્આનમજીદમાં છે :

"ગર્ભવતી સ્ત્રીઓની ઈદ્દતની હદ પ્રસુતિ થઈ જાય ત્યાં સુધી છે." (સૂરઃ તલાક, આયત-૪)

કેટલાક ફિકહવેત્તાઓનો અભિપ્રાય છે કે ચાહે ગર્ભની મુદ્દત પૂરી થઈ ગયા બાદ બાળકનો જન્મ થાય, અથવા તો એ પહેલાં જ આપમેળે ગર્ભપાત થઈ જાય અથવા ગર્ભપાત કરાવવામાં આવે, દરેક સ્થિતિમાં ઈદ્દત પૂરી થઈ જવાનું માનવામાં આવશે. મુગીરહએ હઝરત ઈબ્રાહીમ નખ્ઈ રહ.થી ગર્ભપાત વિષે પૂછયું તો તેમણે ઉત્તર આપ્યો કે : આનાથી ઈદ્દત પૂરી થઈ જશે." કાઝી શુરૈહ રહ.નો અભિપ્રાય છે કે : તલાકશુદા મહિલાનો ગર્ભપાત થઈ જાય તો તેની ઈદ્દત પૂરી થઈ જાય છે." હસન બસરી રહ. કહ્યા કરતા હતા : "જો સ્ત્રીના ગર્ભની જાણ હોય, પછી તેમાં જીવ (પ્રાણ) પૂરાયો હોય કે ન પૂરાયો હોય, તેનો ગર્ભપાત થઈ જાય તો ઈદ્દત પૂરી થઈ જશે. (આ ત્રણેય કથન લેખક ઈબ્ને અબી શૈબામાં રિવાયત થયા (વર્ણવાયા) છે. જુઓ: ૪, ૧૮૫, રિવાયત નં. ૨૦૫૩)

હન્ફી ફિકહમાં તેની કેટલીક વિગતો મૌજૂદ છે. તે આ કે જો ગર્ભમાં બાળકના અંગો-અવયવો (હાથ, પગ, આંગળી, નખ વિ.)ની બનાવટ જાહેર ન થઈ હોય તો તેનો ભરોસો કરવામાં નહીં આવે અને ત્રણ માસિક સ્ત્રાવ વિતાવ્યા બાદ ઈદ્દત પૂરી થઈ ગઈ.

ફિકહવેત્તાઓએ આની હદ એકસો વીસ અર્થાત્ ચાર મહિના ઠેરવી છે. જો તલાકશુદા મહિલાનો ગર્ભ ચાર મહિના અથવા તેનાથી વધારાનો છે, અને જો તેનો ગર્ભપાત થઈ જાય તો સમજવામાં આવશે કે તેની ઈદ્દત પૂરી થઈ ગઈ, નહિતર નહીં.

અલ બહર અલ-હાઈકમાં છે : "શું કોઈ મહિલાનો ગર્ભપાત થઈ જાય, એ સમયે જો ગર્ભના કેટલાક ભાગો (અંગો, અવયવો)ની બનાવટ જાહેર થઈ ચૂકી હોય તો સમજવામાં આવશે કે તેની ઈદ્દત પૂરી થઈ ગઈ, અને જો કેટલાય અંગો અવયવોની બનાવટ જાહેર થઈ ન હોય તો ઈદ્દત પૂરી થઈ ગયાનું માનવામાં નહીં આવે."

ફતાવા-શામીમાં છે : "ગર્ભના અંગો-અવયવોની બનાવટ એકસો વીસ દિવસ પછી જાહેર થાય છે." આવી સ્થિતિમાં ગર્ભપાત પછી જો ત્રણ દિવસ સુધી રક્ત-લોહી આવ્યું તો. તેને એક માસિક સ્ત્રાવ માનવામાં આવશે. આના પછી બે બીજા વિતાવવા પડશે. ત્યારે ઈદ્દત પૂરી થશે. ●●●




# શરીઅતનું અનુસરણ

● સંપાદક મંડળ

**ઇસ્લામી મુઆશરા**

(ગતાંકથી ચાલુ...)

શેતાન મનુષ્યનો દુશ્મન છે. તે મનુષ્યને સીધા માર્ગથી ભટકાવવાનો દરેક ક્ષણે પ્રયાસ કરતો રહે છે. આમ તો લોકો શેતાનથી નફરત કરે છે અને તેના પર લાનત પણ મોકલતા રહે છે. પરંતુ જાણે-અજાણે શેતાનના આદેશ પર અમલ પણ કરે છે. અલ્લાહના ખૌફથી બે-ન્યાઝ થઈને બૂરાઈઓ અને નિર્લજ્જતાના કાર્યોમાં લાગેલા રહે છે. આ જ તો શેતાનનું અનુસરણ છે, અલ્લાહતઆલાએ શેતાનની ચાલબાજીઓથી ઈમાનવાળાને ચેતવ્યા છે,અને તેનું અનુસરણ કરવાથી સખ્તાઈથી રોકયા છે. ઈર્શાદ છે :

"હે લોકો જેઓ ઈમાન લાવ્યા છો! શેતાનના પગલે ન ચાલો. તેનું અનુસરણ જે કોઈ કરશે તો તે તેને અશ્લીલતા અને બૂરાઈનો જ આદેશ આપશે." (સૂરઃ નૂર, આયત-૨૧)

શરીઅતના આદેશો અને નિયમોને અવગણવાનું સૌથી મોટું કારણ માનવીની પોતાની મનેચ્છાઓ જે હંમેશાં માનવીને ગુનાહ કરવા માટે પ્રેરતી રહે છે. મનુષ્ય જો પોતાની ઈચ્છાઓને નિરંકુશ છોડી દે તો એ તેમનો ગુલામ બની જાય છે, જીભ-મોઢેથી જો કે સારી વાતો કરે પરંતુ તેનું હૃદય અંધકારયુક્ત, નજરો નિમ્ન કે તુચ્છ, અમલ બૂરા અને વ્યક્તિત્વ કલંકિત થઈ જાય છે. કુર્આને કરીમની સૂરઃ આ'રાફમાં બલ્અમ બિન બાઊરહનો કિસ્સો વર્ણવાયો છે. મૂસા અ.સ.ના જમાનામાં બલ્અમ બિન બાઊરહ મોટો વિદ્વાન, મોટો સંયમી, ઈબાદત-ગુઝાર અને મુત્તકી માણસ હતો, જે દુઆ તે કરતો અલ્લાહ તેને કબૂલ ફરમાવતો હતો. પરંતુ થયું આ કે તે પોતાની મનેચ્છાઓનો ભોગ બની ગયો, સ્ત્રીના ચક્કરમાં સપડાઈ ગયો. શેતાને તેને આંચકી લીધો અને એ અલ્લાહની આયતોને છોડીને મૂસા અ.સ.ના મુકાબલામાં આવી ગયો. અલ્લાહતઆલાએ તેનું જ્ઞાન, તેની ઈબાદત બધું જ છીનવીને તેને ખતમ કરી દીધો. એ કૂતરાની જેમ હાંફતો ફરતો હતો અને પોતાના સમાજમાં બોધપાઠનો નમૂનો બનીને રહી ગયો. કુર્આનમાં છે :

"અને હે નબી ! આમની સામે તે માણસની વાત વર્ણવો જેને અમે પોતાની આયતોનું જ્ઞાન આપ્યું હતું, પરંતુ તે તેની પાબંદીઓથી નીકળી ભાગ્યો. છેવટે શેતાન તેની પાછળ પડી ગયો, ત્યાં સુધી કે તે પથભ્રષ્ટ થનારાઓમાં સામેલ થઈને રહ્યો. જો અમે ઈચ્છયું હોત તો તેને તે આયતો મારફતે ઉચ્ચતા પ્રદાન કરતા, પરંતુ તે તો ધરતીની જ તરફ ઝૂકીને રહી ગયો અને પોતાની મનેચ્છાઓના જ પાછળ પડયો રહ્યો, આથી તેની હાલત કૂતરા જેવી થઈ ગઈ કે તમે તેના ઉપર હુમલો કરો ત્યારે પણ જીભ લટકાવી રાખે." (સૂરઃ આરાફ, આયતો-૧૭૫-૧૭૬)

અલ્લાહતઆલાએ કુર્આનમાં આ કિસ્સો વર્ણવીને કર્યો કે મુસલમાનોને વાકેફ કર્યા કે લોકો મનેચ્છાઓનું અનુકરણ છોડી દે, અને શરીઅત પર ચાલતા રહે. જે ઉમ્મતને 'ખૈરે-ઉમ્મત'નો લકબ એનાયત કરવામાં આવ્યો છે મનેચ્છાઓ તેને બૂરી ઉમ્મતમાં તબ્દીલ કરી દેશે.

કોમોનો ઈતિહાસ જણાવે છે કે જ્યારે કોઈ કોમ પર અધોગતિ આવે છે તો તેનાથી પહેલાં તે મનેચ્છાઓમાં સપડાઈ કે લિપ્ત થઈ જાય છે. સત્ય-માર્ગ અને અલ્લાહના આદેશોથી દૂર થઈ જાય છે. એશ-આરામ અને જૂઠ તથા બૂરાઈમાં સપડાઈ જાય છે. હક્ક-પરસ્તી કે સત્યનિષ્ઠા માનવીને બુલંદી એનાયત કરે છે અને નફ્સ-પરસ્તી મનુષ્યને પતનમાં સપડાવી દે છે. આથી જ અલ્લાહતઆલાએ પોતાના નબીઓને અને તેમના દ્વારા તેમની ઉમ્મતોને સત્યમાર્ગ પર સખ્તીથી ચાલવા અને મનેચ્છાઓનું અનુકરણ કરવાથી બચવાની તાકીદ કરી છે. હઝરત દાઊદ અ.સ.ને સંબોધન કરતાં અલ્લાહતઆલાનો ઈર્શાદ છેઃ

"હે દાઊદ ! અમે તને ધરતીમાં ખલીફા (નાયબ) બનાવ્યો છે, તેથી તું લોકો વચ્ચે સત્યપૂર્વક શાસન કર અને મનેચ્છાઓનું અનુસરણ ન કર કેમકે તે તને અલ્લાહના માર્ગથી ભટકાવી મૂકશે.

ઈસ્લામી શરીઅતની પાબંદી કરવી અને મનેચ્છાથી છુટકારો મેળવવો ત્યારે ખૂબ જ મુશ્કેલ જણાય છે કે જ્યારે આપણા હિતો પર પ્રહાર થતો હોય, કોઈ આવક બંધ થઈ જતી હોય, કોઈ હોદ્દો અને દરજ્જો છૂટી રહ્યો હોય, ઈજ્જત અને ખ્યાતિનો કોઈ મોકો વેડફાઈ રહ્યો હોય. જો આવી વસ્તુઓ નાજાઈઝ અને હરામ વસ્તુઓથી જોડાયેલી હોય તો ઈમાનવાળાની શાન આ છે કે તે તેમને છોડી દે અને મનેચ્છાને કુર્બાન કરી દે અને અલ્લાહ અને તેના રસૂલના આદેશ પર આજ્ઞાપાલનમાં માથું નમાવી દે. આવા લોકોને કયામતમાં અલ્લાહતઆલા મોટો દરજ્જો એનાયત કરશે.

"જે વ્યક્તિ અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરે તેણે મોટી સફળતા પ્રાપ્ત કરી." (સૂરઃ અહ્ઝાબ, આયત-૭૧)

અલ્લાહતઆલા આપણ સહુને પોતાની અને પોતાના રસૂલના આજ્ઞાપાલનની તૌફીક આપે. (આમીન) •••

---

સોનેરી વાક્યો — સોનેરી વાક્યો

## સોનેરી કથન

### ઈમામ અબૂ હનીફા રહ.

- લાલચ કરવી મુફલિસી, નિઃસ્વાર્થ હોવું માલદારી અને બદલો ન લેવો સબ્ર છે.
- તમારી સાથે કોઈ નેકી કરે કે બદી (બૂરાઈ), પરંતુ તમે દરેકની સાથે 'અહેસાન' (ઉત્તમ પ્રકારનો ઉપકાર) કરો.

### હઝરત ઈમામ શાફઈ રહ.

- જ્યારે સહીહ હદીસ મળી જાય તો મારા કથનોને ભૂલી જાવ.
- હૃદય જીભની ખેતી છે તેમાં સારૂં વાવેતર કરો. બધા નહીં તો એક-બે દાણા અવશ્ય ઊગી નીકળશે.
- એકાંતમાં નસીહત કરવી શરાફત છે અને સુધારાનું કામ છે, જ્યારે કે સૌની સામે નસીહત કરવી રુસ્વાઈ છે.

ZENITH PARTY PLOT
Bringing People Together
Zenith Tins Compound, Chhani, Vadodara.

શકીલ એમ.કાદરી
મો. ૯૮૨૫૧૪૭૮૬૦
મો.૯૯૭૮૬૯૨૦૧૧
મો. ૯૭૨૭૯૬૯૬૬૬
કાદરી પાર્ટી પ્લોટ
Kadri Party Plot
નાના મોટા શુભપ્રસંગે અને લગ્નના અવસરે તેમજ સામાજિક પ્રસંગો યોજવા માટે મુલાકાત લો.
એડ્રેસ : ટી.પી.-૮૫, ૧૦૦ ફીટ રોડ, અંબર ટાવર, સામે, સરખેજ રોડ, અહેમદાબાદ-૩૮૦ ૦૫૫. E-mail :sakil.kadri7766@gmail.com

'ઈલાહી ! ખતાઓંસે દિલ કો યૂં સુથરા ફરમા જૈસે મૈલ-કુચૈલસે સફેદ કપડે કો સુથરા બના દેતા હૈ. ઈલાહી ! મુઝે ગુનાહોં સે ઈતના દૂર ફરમા દે જિતના તૂને પૂરબ કો પશ્ચિમ સે દૂર કર રખ્ખા હૈ.' (તિબરાની)


M : 9898062816
Video Call - M : 9428419044
25
Sarkhej Cultch
SALES & SERVICE
Email L aone.raju@yahoo.in
ww.sarkhejcultch.com
544/2, A-one Motor Garage Compound,
S.C. Highway, Sarkhej, Ahmeadabad-382210

આધુનિક ખત્ના કેન્દ્ર® (સુન્નત)
ટ્રેડમાર્ક ધરાવતી સરકાર માન્ય એકમાત્ર સંસ્થા
ડૉ. યાસીન સૈયદ (M.B.B.S.)
ડૉ. તૌફીક સૈયદ (B.H.M.S.)
ખત્ના તથા સર્વરોગ નિદાન કેન્દ્ર ચામડીના રોગોના અનુભવી
અમારી શાખાઓ :
(૧) જુહાપુરા શાહીન કોમ્પ્લેક્ષ મોડલ સ્કૂલની બાજુમાં, જુહાપુરા, સરખેજ રોડ અમદાવાદ.
સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ સવારે : ૧૦:૦૦ થી ૧૨:૩૦ સુધી
(૨) પથ્થરવાલી મસ્જિદ પાસે, શાહપુર અડ્ડા, અમદાવાદ. સમયઃ સોમ, મંગળ, ગુરૂ, શનિ - સાંજે : ૭:૦૦ થી ૯:૩૦ સુધી
(૩) શમશેરબાગ, પાકવાડા સામે, ગોમતીપુર, અમદાવાદ. સમય : સોમ થી શનિ - સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
સાંજે : ૬:૦૦ થી ૮:૦૦ સુધી | રવિવારે ફક્ત સવારે : ૯:૦૦ થી ૧૨:૩૦ સુધી
Mo.: 99097 12900 | 93279 24050 | 98251 53388

સલીમ કરીમી
મો.: ૯૮૯૮૦ ૬૯૦૪૭
૯૭૨૪૭ ૭૮૬૯૮
Adarsh Driving School
પદ્ધતીસરનું ડ્રાઈવીંગ શિખવા માટે સંપર્ક કરો.
૧૪, આઝાન કોમ્પ્લેક્ષ, રોયલ નવાબ એવન્યુ ની સામે, સરખેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૫૫.

અલ-કફીલ પુઠાવાળા
મો:૯૮૭૯૧૬૦૬૩૦
મો : ૮૭૮૦૧૫૫૦૭૯
રોયલ ટ્રેડર્સ
દરેક પ્રકારના રમકડા, પતંગ અને ફિરકીના જથ્થાબંધ વહેપારી
૧૯૦૮, હજીરાની પોળ પાસે, કાલુપુર ટાવર રોડ, અહમદઆબાદ-૩૮૦૦૦૧.
www.rtraders.freeservers.com

શાહીદભાઈ ૯૮૨૪૦૪૭૫૧૦
ઉસ્માનભાઈ ૯૮૯૮૬૧૮૫૦૨
7 STAR
સેવન સ્ટાર એગ્ઝ માર્ટ
છૂટક તથા જથ્થાબંધ ઈંડાના વહેપારી
જમાલપુર હલાદીવાડ, હબતખાન મસ્જિદની પાસે, અહમદઆબાદ-૧
ફોન : ૨૫૩૯૧૪૨૮, ૨૫૩૮૦૦૧૪

## હજ્જ...

(છઠ્ઠા પાનાનું ચાલુ)

"લબ્બૈક અલહુમ્મ લબ્બૈક, લબ્બૈક લાશરીક લક લબ્બૈક, ઈન્નલ હમ્દ વન્નેઅમત લક વલ મુલ્ક લા શરીક લક"

અર્થ : હું તારી સેવામાં ઉપસ્થિત છું, હે અલ્લાહ તારી સેવામાં ઉપસ્થિત છું, હે અલ્લાહ તારી સત્તામાં કોઈ ભાગીદાર નથી, હું તારી સેવામાં ઉપસ્થિત છું, નિઃશંક બધી જ પ્રાર્થના તારા માટે જ છે, બધી જ નેઅમતો તારી જ છે, તારી બાદશાહીમાં કોઈ ભાગીદાર નથી. હું તારી સેવામાં હાજર છું.

લાખો હાજીઓના મોઢેથી લયબધ થઈને જ્યારે આ પંક્તિઓ ફિઝામાં ગૂંજે છે. ત્યારે આ સંસારમાં અલ્લાહના એકત્વ હોવાનું તથા તેનું સર્વોપરી હોવાનું આનાથી મોટુ કોઈ એલાન નથી.

ઈસ્લામનો બીજો સ્તંભ નમાઝ છે. નમાઝમાં અલ્લાહનું જે ધ્યાન, વિનય, તેના પ્રતિ સમર્પિત થઈ જવાની તથા સંસારથી થોડી વાર કપાઈને તેના જ થઈ જવાનો ભાવ છે. તો હજ્જની ઈબાદતમાં પણ આ બધી વિશેષતાઓ મોજૂદ છે. કેમકે, વ્યક્તિ એક લાંબા સમય માટે તેના ઘર, ધંધા-કારોબાર, બાળ-બચ્ચા અને વતનથી દૂર થઈને માત્ર એક અલ્લાહની ઈબાદત માટે એકાગ્ર થઈ જાય છે. બધા જ પરિવારજનો, સગાં-સંબંધીઓની મહોબ્બત પર એક ખુદાની મહોબ્બત પ્રભુત્વ ધરાવે છે અને તે સંપૂર્ણ રીતે અલ્લાહની ઈબાદતમાં તલ્લીન થઈ જાય છે. ત્યાં સુધી કે તેનું હરવું - ફરવું, સૂવું - જાગવું, ખાવું-પીવું, બધું જ ઈબાદતમાં સમાઈ જાય છે.

નિયમિત રીતે પઢવામાં આવનારી નમાઝમાં ૧૫-૨૦ મિનિટ અથવા વધારેમાં વધારે અડધો કલાક લાગે છે. જ્યારે હજ્જમાં ઓછામાં ઓછા બે અઠવાડિયાનો સમય લાગે છે. આજકાલના વ્યસ્ત જીવનમાં બે અઠવાડિયાનો સમય ઈબાદત અથવા તીર્થયાત્રા માટે ખાસ મહત્વ ધરાવે છે. હજ્જના લાંબા સફરમાં જે કોઈ પ્રકારની તકલીફો હજ્જયાત્રીને સહન કરવી પડે છે તે નમાઝના નિયમિત પરિશ્રમથી ઘણી વધારે છે. વિમાનના આરામદાયક સફરના આ યુગમાં પણ પરેશાનીઓ તો સહન કરવી જ પડે છે. કેમ કે, સફર તે સફર જ છે. ૨૦-૩૦ લાખના ટોળામાં કોઈ ફૂલોની જાઝમ તો લગાડેલી હોતી નથી કે અમીર અને ધનવાન લોકો આરામથી હજ્જ કરે અને સાધારણ લોકો તકલીફથી.

નમાઝમાં ઈચ્છનીય તો આ છે કે જ્યારે વ્યક્તિ નમાઝ માટે ઊભી થાય તો તેને એવું લાગે છે કે જાણે તે તેના રબને જોઈ રહી છે અને જો આ ભાવ ઉત્પન્ન ન થાય તો કમ સે કમ એટલું ધ્યાન રાખે કે તેનો રબ તેને જોઈ રહ્યો છે.

એકાગ્રતાની આ સ્થિતિ હજ્જની ક્રિયામાં તેની પરાકાષ્ટાએ હોય છે.

હજ્જ દરમિયાન કેટલીક વિશેષ ક્ષણો એવી પણ આવે છે જેના વિશે હદીસમાં પણ આવે છે કે તે સમયની દુઆ જરૂર કૂબુલ થાય છે. હાજી રડી-રડીને, ગીડ-ગીડાઈને પોતાના ગુનાહોની માફી માંગે છે. ભવિષ્યમાં નિષ્કપટ અને પાપરહિત જીવન જીવવાનો નિશ્ચય કરે છે. પોતાના માટે, પોતાના પરિવારજનો માટે, સંસારના બધા જ ઈમાનવાળાઓ માટે અને સમગ્ર વિશ્વ સમુદાયના શુભ કલ્યાણની દુઆ કરે છે.

નમાઝ મુસલમાનોની દિનચર્યાનો એક ભાગ હોય છે. જ્યારે હજ્જનો સુઅવસર જીવનમાં એકવાર અથવા ક્યારેક જ મળે છે.

ઈસ્લામનો ત્રીજો સ્તંભ-ઝકાત છે. વર્ષમાં એકવાર પોતાની જાઈઝ અને હલાલ કમાઈની ૨.૫% ઝકાત આપીને મુસલમાન પોતાની સંપત્તિ પ્રત્યે નિશ્ચિત થઈ જાય છે. પરંતુ હજ્જમાં તેણે સળંગ લાંબી રકમ લગાવવી પડે છે અને આ ભારે રકમના ખર્ચથી જ સામર્થ્યવાન લોકોના માટે તેને અનિવાર્ય કરવામાં આવી છે. એક ભારતીય હાજીને વર્તમાન સમયમાં સામાન્ય રીતે ચાર લાખ જેટલા રૂપિયા ખર્ચ કરવા પડે છે. જો પતિ-પત્ની બંનેનો સામૂહિક સફર હોય તો લગભગ આઠ લાખ રૂપિયા જેટલી રકમ લાગી જાય છે.

આ રીતે, આપણે જોઈએ છીએ કે એક વ્યક્તિ કોઈ સાંસારિક લાભ અથવા સુખની ઈચ્છાથી ખસીને માત્ર અલ્લાહને ખુશ કરવા, પોતાની આત્માનો વિકાસ કરવા, પાપોથી મુક્ત થવા, ક્યારેય ક્ષીણ ન થવા વાળા શાશ્વત જીવન (આખિરત)ની ઈચ્છામાં પોતાની કમાણીનો એક મોટો ભાગ આ પવિત્ર યાત્રા માટે ખુશી ખુશી ખર્ચ કરે છે. જો હજ્જના ડ્રોમાં તેનું નામ ન આવે તો તે ખુશ થવાના બદલે દુખી થાય છે. ખરેખર, સંસારિક દૃષ્ટિએ આ ખુશ થવાનો મોકો હોય છે કે, કોશિષ તો કરી પણ સફળ ન થયા. ચાલો, સારૂ થયું આટલા પૈસા બચી ગયા, કોઈ બીજા કામમાં લાગી જશે.

ઈસ્લામનો ચોથો સ્તંભ રોઝા અને પાંચમો સ્તંભ હજ્જ છે. નિયમિત રોઝા રમઝાનના દિવસોમાં પૂરા એક મહિના માટે રાખવામાં આવે છે. દિવસ દરમિયાન ખાવા પીવા અને જાતીય ઈચ્છાઓની મનાઈ કરવામાં આવી છે. પરંતુ સૂર્યાસ્ત થતાં જ આ બધા બંધન આપમેળે સમાપ્ત થઈ જાય છે. હજ્જના ૧૦ દિવસના આ ગાળામાં હાજીને જે પાબંદીઓ અને બંધનોના ઘેરામાંથી ગુજરવું પડે છે, તે સ્વયં એક કઠિન પરીક્ષાથી ઓછું નથી. આ પાબંદીઓ તો એહરામ બાંધવાની સાથે જ શરૂ થઈ જાય છે. ભલે હજ્જને શરૂ થવામાં મહિનો કે અઠવાડિયા પહેલાં એહરામ બાંધી લીધો હોય.

આ બંધનો નીચે મુજબ છે :

માથા અથવા શરીરના વાળ કપાવવા, નખ કાપવા, સીવેલા કપડા પહેરવા, ટોપી પાઘડી, અમામા અથવા કોઈ પણ પ્રકારે માથુ ઢાંકવું, મોજાં પહેરવા શરીર પર સુગંધ કે અત્તરનો ઉપયોગ કરવો. સ્ત્રીએ નકાબનો ઉપયોગ કરવો, સગાઈ કે નિકાહ કરવા, સંભોગ કરવો, કોઈ જાનવરોનો શિકાર કરવો, વ્યાભિચાર અને ગુનાહના બધા જ કાર્યો, લડાઈ, ઝઘડા વગેરે પ્રતિબંધિત છે.

પરંતુ સ્ત્રીઓ માટે સીવેલા કપડા પહેરવા જાઈઝ છે. એહરામમાં ઈચ્છનીય છે કે, સફેદ લુંગી અને ચાદર હોય. જે કોઈ પણ પ્રકારે રંગીન ના હોય. નાહી-ધોઈને હજામત કરાવીને, એહરામ બાંધવો સુન્નત છે. ૧૦ જિલહજ્જના રોજ એહરામ ઉતારે છે, માથુ મુંડાવે છે અને બધા પ્રતિબંધ સમાપ્ત થઈ જાય છે. પરંતુ એનો મતલબ એવો નથી કે, ગુનાહોના કામોનો પ્રતિબંધ સમાપ્ત થઈ જાય છે.

અંદાજો કરી શકીએ છીએ કે, હજ્જના દિવસોમાં મનુષ્ય કેટલો બધો સંયમી થઈ જાય છે. પોતાની પસંદ-નાપસંદ અને બધી જ ઈચ્છાઓ પર ખુદાનો હુકમ સર્વોપરી છે. હજ્જનું આ સ્થાન ઉચ્ચ છે, આ તેની ગુણવત્તાની દૃષ્ટિથી પણ આશ્રમો, સાધનાઓ, યોગા અને તપસ્યાઓમાં ઉત્તમ છે.

### કા'બાનો તવાફ

કા'બાને પવિત્ર કહેવામાં આવે છે અને તેને અલ્લાહના ઘરનું વિશેષણ આપવામાં આવ્યું છે. અલ્લાહ પોતે પવિત્ર છે અને તેનાથી સંબંધિત વસ્તુઓનું પણ પવિત્રપાવન હોવું સ્વંયસિદ્ધ થઈ જાય છે. "અલ્લાહનું ઘર" કહેવાનો અર્થ તેવું કોઈ નથી લગાવી શકતા કે તે આમાં નિવાસ કરે છે અથવા આમાં આવીને પ્રગટ થાય છે. હકીકતમાં અલ્લાહના આદેશથી આને આજથી ૫૦૦૦ વર્ષ પૂર્વે હઝરત ઈબ્રાહીમ અ.સ.એ પોતાના આજ્ઞાંકિત દીકરા હઝરત ઈસ્માઈલ અ.સ.ના સહયોગથી તોહીદ (એકેશ્વરવાદ)ના કેન્દ્રના રૂપમાં નિર્માણ કર્યું. આજે પણ આ એકેશ્વરવાદનું સમગ્ર વિશ્વમાં મહાનતમ પ્રતીક છે. જેના સાંનિધ્યમાં સમગ્ર વિશ્વમાં આના અનુયાયીઓ લાખોની સંખ્યામાં એકત્રિત થાય છે.

ઈંટ-પત્થરની આ ઈમારતનું મહત્વ આનાથી જ વધી જાય છે કે તેના આજ્ઞાંકિત અનુયાયી હઝરત ઈબ્રાહીમ અ.સ.ની આ યાદગારને અલ્લાહે પોતાનું ઘર પ્રતિપાદિત કર્યું છે અને તેને પવિત્ર પાવન બનાવ્યું છે.

### હજ્જનો વિશેષ મહિમા

હજ્જનું એક મહત્ત્વપૂર્ણ અંગ કુર્બાની છે. હમણા જ તમે જાણી ચૂક્યા છો કે, એહરામ ધારણ કરેલી વ્યક્તિ માટે શિકાર કરવું પ્રતિબંધિત છે તેમજ શિકારની નિશાનદેહી કરવી પણ પ્રતિબંધિત છે અને આ પ્રતિબંધ એવો છે કે, કોઈ હાજી માટે કોઈ અન્ય વ્યક્તિ શિકાર કરે તો પણ તેનું માંસ ખાવુ તેના માટે યોગ્ય નથી. આ મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારાઓ માટે આર્થિક દંડની જોગવાઈ છે. આટલું જ નહીં માથામાં મળનારી જૂ, ખાટલા કે બિસ્તરમાં મળવાવાળા માંકડ તેમજ કીડી જેવા જીવને પણ મારવુ પ્રતિબંધિત છે.આવો જ કોઈ જીવ પગના નીચે કચડાઈ જાય તો તેમાં પણ આ જ સજા છે.

ઘણા લોકો જાણે છે કે, કુર્બાનીનો ઉદ્દેશ્ય માંસ ખાવાનું નહીં પરંતુ હઝરત ઈબ્રાહીમ અ.સ.ની યાદગીરીને તાજી કરવાનો છે અને આ યાદગીરી અલ્લાહના પ્રિય પયગંબર (ઈશદૂત) હઝરત ઈબ્રાહીમ અ.સ.એ કાયમ કરી હતી. અલ્લાહે તેમની પરીક્ષા તે રીતે લીધી કે, તેમણે સ્વપ્નમાં જોયું કે, પોતાના વૃદ્ધાવસ્થાની યાદગીરી એવા વ્હાલા દીકરા ઈસ્માઈલ અ.સ.ને ઝિબહ (કુર્બાન) કરે છે. તેમણે એવું વિચાર્યું કે, આ અલ્લાહનો આદેશ છે અને જવાન દીકરાને તેમણે કુર્બાન કરવાનો નિશ્ચય કરી લીધો. કુર્બાની આપવાથી પહેલાં અલ્લાહે તેમને પરીક્ષામાં સફળ કરીને દીકરાની જગ્યાએ આકાશમાંથી એક ઘેટો ઉતારી દીધો અને તેમને દિવ્ય વાણી કરવામાં આવી કે તમે પરીક્ષામાં સફળ છો, હવે આ ઘેટાની કુર્બાની કરો. તેથી તેમણે તે ઘેટાને કુર્બાન કર્યો.

જ્યારે પણ કોઈ મુસલમાન કોઈ જાનવરને કુર્બાન કરે છે ત્યારે આ વચન તેની સામે હોય છે કે, હે અલ્લાહ! તારા આદેશ પર અમે સંસારની બધી નાની મોટી વસ્તુ ન્યોછાવર કરી શકીએ છીએ ત્યાં સુધી કે પોતાના વ્હાલા દીકરાને પણ તારા માટે કુર્બાન કરી શકીએ છીએ. આ જાનવર તો માત્ર એક પ્રતીક છે. -●-

Gulamnabi (R) 242588
Alimohd. (R) 244815
Phone : (02774) Mill : 242986
MRM
MODASA
RICE MILL
RICE, WHEAT MERCHANT AND
COMMISSION AGENT
20-23, G.I.D.C., MODASA- 383315, DIST. SABARKANTHA (GUJARAT)

મો: ૮૮૬૬૮ ૨૩૨૩૨
વર્ષો જૂની પ્રખ્યાત
ઈકબાલ
હોટલ
iQbal's
PROUD TO SERVE
SINCE 1947
વેજ - નોનવેજ
મોગલાઈ - મિઠાઈ
પીઝા -સેન્ડવીજ
એ.સી.
હોલની
સુવિધા
ઉપલબ્ધ
રૂા.૩૫૦ના બિલ ઉપર
૨, કિ.મી. વિસ્તારમાં
હોમ ડિલીવરી
ઓનલાઈન ઓર્ડર માટે 'સ્વીગી' અને 'ઝોમેટો' ઉપલબ્ધ
પાંચપીપળી, જમાલપુર, અહમદઆબાદ

શફી મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
ઓલવિશ મેન્સવેર
સંતોષકારક
સિલાઈકામ
માટે મળો.
૮, અદાણી ઉદય માર્કેટ, રતનપોળ,
હાથીખાના, અહમદઆબાદ - ૩૮૦૦૦૧

મો. : ૯૩૨૭૦ ૧૧૭૮૯
શોએબ સિલેક્શન
એક્સક્લુઝીવ
શુટિંગ, શર્ટિંગ
૪૪૫, બીજો માળ, સહજાનંદ માર્કેટ,
પાનકોરનાકા, વૃન્દાવન માર્કેટની
બાજુમાં, અહમદઆબાદ-૩૮૦ ૦૦૧.

સમીર સાબુવાલા
૯૮૨૪૫ ૪૭૯૯૮
પ્રો. યૂનુસભાઈ સાબુવાલા
ફિરદોસ
રંગીન તથા સફેદ પોપલીન પ્રિન્ટેડ
કાપડ મળશે અને ચણીયાના
છૂટક તથા જથ્થાબંધ વેપારી
મન્સુરી ઈબ્રાહીમભાઈ સાબુવાલાની કંપની સામે
ઢાલગરવાડ, કાપડ બજાર, અ'બાદ-૩૮૦૦૦૧.

# હજ્જ : આધ્યાત્મિકતાની પરાકાષ્ઠા

● ડૉ. ફારૂક એહમદ

વર્તમાન સમયની દોડધામ અને ધમાલિયા જીવનવ્યવસ્થામાં માનવીય માનસ પટલ પર કંડારાતી સાંસારીક સુખ સુવિધાથી ઉપર વટ થઈને મનને શાંતિ પ્રદાન કરવા તેમજ આધ્યાત્મિક સુખ પ્રાપ્ત કરવાની પ્રબળ ભાવના, મનુષ્યમાં આદિકાળથી જોવા મળે છે. ખુદ આપણા દેશમાં આધ્યાત્મિક સુધાર અને માનસિક સુખ પ્રાપ્તિની ઘણા પ્રકારની શિક્ષાઓ ભારતના વિદ્વાનો, મહર્ષિઓ અને મુનીઓએ રજૂ કરેલી છે. યજ્ઞો અને તીર્થોની લાંબી સુચિ છે. જેની ગણના અશક્ય છે. બ્રહ્મ પુરાણ (૨૫: ૭-૮) અનુસાર તીર્થો અને પવિત્ર ધાર્મિક સ્થળોની એટલી મોટી સંખ્યા છે કે તેને સેંકડો વર્ષો સુધી પણ ના ગણી શકાય. આત્માની શાંતિ અને જન્મ-મરણના ચક્રોથી હંમેશાં માટે છુટકારો મેળવવાના અનેક ઉપાયો બતાવ્યા છે. આ તેનું સ્પષ્ટ પ્રમાણ છે કે માનસિક શાંતિથી આગળ વધીને આત્માના વિકાસ અને પ્રભુનું સાનિધ્ય મેળવવાની લાલસા મનુષ્યમાં આદિકાળથી જોવા મળે છે.

‘હિંદુ ધર્મનો ઇતિહાસ’ના પ્રસિદ્ધ લેખક ડૉ. પાંડુરંગ વામન કાણેના મતાનુસાર હિંદુ ધર્મમાં તીર્થ સ્થળોની શ્રેણીમાં સમયાંતરે નવા તીર્થો પણ જોડવામાં આવ્યા છે તથા તીર્થોમાં સ્થાયી થયેલા અને ખાસ કરીને તીર્થ-પૂરોહિતોએ ધન-લાભની લાલસાએ સંદિગ્ધ આધારોયુક્ત ઘણા તીર્થોનું નિર્માણ કરી દીધું છે અને તેમના પર મહાભારત તેમજ પુરાણોના પ્રસિદ્ધ રચનાકાર વ્યાસનું નામ જોડી દીધું છે. (ભાગ-૩, પૃ. ૧૩૦૬) શ્રીકાણે એ આ પણ લખ્યું છે કે, ‘તીર્થો પર લખવા વાળા મોટાભાગના લેખકોએ (રચનાકારોએ) સ્વરૂચિના આધારે પસંદગીની પ્રક્રિયા અપનાવી છે.’ તેમણે લક્ષ્મી ધરની ‘તીર્થ કલ્પતરૂ’ નૃસિંહ પ્રસાદની ‘તીર્થસાર’ નારાયણ ભટ્ટની ‘ત્રિસ્થિલીસેત’નો ઉલ્લેખ કરીને બતાવ્યું છે કે, એક વ્યક્તિ માટે આ નિર્ણય કરવો મુશ્કેલ બની જાય છે કે, કયું તીર્થસ્થળ તેના ઉદ્દેશ્યની પૂર્તિ માટે યોગ્ય, ઉચિત અને ફળદાયી નીવડશે.



**ઈસ્લામી દષ્ટિકોણ :**

ઈસ્લામ ધર્મમાં હજ્જનું વર્ણન આ આવશ્યકતાની યોગ્યરૂપથી પૂર્તિ કરે છે. કેમ કે આમાં તીર્થસ્થળ પણ નક્કી છે તથા આ સંબંધી બધી જ ક્રિયાઓ અને વિધિઓ પણ નિશ્ચિત છે. કહી શકાય કે, હજ્જ, ઈબાદત, સાધના, પ્રેમ ભક્તિ, શ્રદ્ધા, બલિદાન તેમજ ત્યાગ, તપસ્યા અને આધ્યાત્મિક્તાની પરાકાષ્ટા છે. હજ્જ એક એવી ઈબાદત છે જેની તુલના સંસારની કોઇ બીજી પૂજા, અર્ચના, આરાધના, તપ અથવા ઉપાસનાથી કરી શકાય તેમ નથી. હજ્જ એક મહત્ત્વપૂર્ણ તીર્થયાત્રા જ નથી, આમાં એક મહાનદર્શન પણ સમાયેલ છે. આપણે આના પર જેટલું ચિંતન કરીશું તેમ તેના વિવિધ ભાગો એક એક કરીને સામે આવશે.

**હજ્જની પરિભાષા :**

હજ્જનો શાબ્દિક અર્થ છે ઝિયારતની નિયત અથવા ઈરાદો કરવો, કોઈ જગ્યાએ અથવા કોઈને મળવા માટે નીકળવું. ઈસ્લામી પરિભાષા પ્રમાણે હજ્જ એટલે મક્કાસ્થિત અલ્લાહના પવિત્ર ઘર કા’બાની ઝિયારત માટે નીકળવું, તેની પરિક્રમા કરવા તેમજ તેના સંબંધિત સ્થળોના દર્શન કરવા અને તેનાથી જોડાયેલા કર્મો કરવાનું નામ હજ્જ છે. જેવી રીતે કે, અહેરામ બાંધવો, કુર્બાની કરવી, સફા-મરવહની દોડ, મિના, મુજદલફા, અરાફાતમાં રોકાવવું, શૈતાનને કાંકરીઓ મારવી, માથાનું મુંડન કરવું વગેરે..

ઉમરહ-કા’બાનો તવાફ (પરિક્રમા કરવી) સફા-મરવહની દોડ, માથાનું મુંડન કરવું. હજ્જ અને ઉમરાહમાં એક ફર્ક આ છે કે પહેલું ફર્ઝ છે અને બીજું સુન્નત. બીજા શબ્દોમાં કહીએ તો પહેલું અનિવાર્ય છે, બીજું સ્વૈચ્છિક.

**હજ્જનું મહત્ત્વ**

ઈસ્લામના પાંચ મુખ્ય સ્તંભોમાં એક મહત્ત્વપૂર્ણ સ્તંભ હજ્જ છે. જેમ કે, બુખારી અને મુસ્લિમની હદીસોથી સ્પષ્ટ છે કે, “ઈસ્લામનો આધાર પાંચ ચીજો પર છે. ૧) એ વાતની સાક્ષી આપવી કે અલ્લાહના સિવાય કોઈ બીજો ઉપાસ્ય નથી અને મુહમ્મદ અલ્લાહના રસૂલ (ઈશદૂત) છે. ૨) નમાઝ, ૩) ઝકાત, ૪) રમઝાનના રોઝા, ૫) હજ્જ.”

કુર્આન મજીદમાં સ્પષ્ટ રૂપે હજ્જ એ બધા જ મુસલમાનો માટે ફર્ઝ (અનિવાર્ય) ઠેરવવામાં આવ્યું છે જે ત્યાં જવાનું સામર્થ્ય ધરાવતા હોય. ‘અલ્લાહની પ્રસન્નતા માટે જ્યારે હજ્જ અને ઉમરાહનો ઇરાદો કરો, તો તેને પૂરો કરો’ (૨:૧૯૬), ‘લોકો પર અલ્લાહનો એ હક્ક છે કે જે આ ઘર સુધી પહોંચવાનું સામર્થ્ય ધરાવતો હોય તે આ ઘરની હજ્જ કરે’ (૩:૯૭), ‘લોકોને હજ્જ માટે જાહેર ઘોષણા કરી દો કે તેઓ તમારા પાસે દરેક દૂર-સુદૂરના સ્થળોએથી પગપાળા અને ઊંટો પર સવાર થઈને આવે.’ (૨૨:૨૭)

અર્થાત્, આ ઈબાદત એવી નથી કે, જેનું મન ચાહે કરે અથવા ન કરે. પરંતુ હદીસથી ખબર પડે છે કે, સામર્થ્ય હોવા છતાં જે વ્યક્તિ હજ્જ ના કરે તે અલ્લાહના પ્રકોપનો ભાગીદાર બને છે. જે વ્યક્તિ કોઈ સખ્ત જરૂરત અથવા એવી બીમારી જેનાથી મુસાફરી સંભવ ના હોય અથવા વિઝા વગેરેની અડચણ વગર પણ હજ્જ ના કરે તો તે ભલે ઈસાઇ થઈને મરે અથવા યહૂદી, આનાથી આ દીનને કોઈ લેવા-દેવા રહેતી નથી.

**હજ્જની વિશેષતાઓ :**

હજ્જ મનનું શુદ્ધિકરણ કરે છે, તે પાપનિવારક છે અને આત્માના વિકાસનું ઉત્તમ સાધન છે. હદીસમાં છે કે : “જે આ (પવિત્ર) ઘરનો ઈરાદો કરે અને (ત્યાં પહોંચીને) બેશર્મી અને બેહયાઈના કામ ના કરે, ગુનાહોથી દૂર રહે તો તે એવા નિર્દોષ થઈ જાય છે કે, જેવી રીતે નવજાત શીશું.” (બુખારી, મુસ્લિમ) એક અન્ય હદીસમાં છે કે “વિધિસર સાચા મનથી કરેલા હજ્જનું ઈનામ તો બસ જન્નત છે.” (બુખારી). એક બીજી હદીસમાં આવે છે કે “સૌથી ઉત્તમ કાર્ય અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવવું, અલ્લાહના માર્ગમાં જિહાદ (સંઘર્ષ) કરવી અને વિધિવત્ રૂપથી સાચા મનથી હજ્જ કરવી છે.” (બુખારી, મુસ્લિમ)

**હજ્જની વ્યાપકતા :**

હજ્જના સંબંધમાં મુસ્લિમ વિદ્વાનોનો મત છે કે, આ એક સંપૂર્ણ અને વ્યાપક ઈબાદત છે, જેમાં અન્ય ચાર સ્તંભોમાં વર્ણવેલ માન પણ સંમિલિત છે. જેમકે, મુસલમાન માટે જે બધાથી પહેલી અને મૂળ શરત છે તે છે એકેશ્વરવાદની ધારણા, તો આ હજ્જ દરમિયાન તેની ચરમસીમાએ હોય છે. હજ્જયાત્રી જ્યારે પૂરા મનથી ઝૂમીઝૂમીને તલ્બીયા પઢે છે તો તે બહુ રોમાંચક દશ્ય હોય છે. સાંભળવાવાળા પણ અલ્લાહના ગુણગાન અને ભક્તિભાવથી ભાવવિભોર થઈ જાય છે.

(અનુસંધાન ૬મા પાને)

# ઈસ્લામી ક્વિઝ

## ક્વિઝ નંબર : ૨૧૫

પ્ર.૧ કુર્આનમજીદમાં કેટલીક મહિલાઓનો ઉલ્લેખ આવ્યો છે. શું તમે તેમના નામ જણાવી શકો છો ?

પ્ર.૨ જણાવો કે કિરામન કાતિબીન કોણ છે ?

### ક્વિઝ નં. ૨૧૫ના જવાબો

ઉ.૧ ઈમરાતુલ અઝીઝ (મિસ્રના રાજાની પત્ની), ઈમરાતુલ ફિરૌન (ફિરૌનની પત્ની), ઉમ્મે મુસા (મુસા અ.સ.ની માતા), ઉખ્તે મુસા (મુસા અ.સ.ની બહેન), હઝરત શુએબ અ.સ.ની દીકરીઓ, ઈમરાતુલ અબૂ લહબ (અબૂ લહબની પત્ની).

ઉ.૨ બે ફરિશ્તા છે જે દરેક માનવીની સાથે હંમેશ રહે છે. આમાંથી એક માનવીના સારા અમલ (કર્મો) લખે છે, અને બીજો તેના બૂરા અમલ (કર્મો) લખે છે.

**એચ.એસ.હોટલવાલા : એસ.ટી.રોડ, અહમદઆબાદ.**

AFFIL AMERICAN excel
ટ્રોલી, સૂટકેશ બનાવનાર અને વેચનાર
હજ્જ અને ઉમરાહ માટે સ્પેશ્યલ બેગ મળશે.
સૈફ લગેજ મો : ૯૮૨૫૧૮૬૯૧૧
સલોની ફલેટ સામે, ગન હાઉસ પાસે, સૈયદવાડા, ખાનપુર, અ’બાદ-૦૧ ● ઓફિસ : ૦૭૯-૨૫૫૧૦૬૯૮

Kasambhai Mo. 9879618344
Imtiyazbhai Mo. 9879518544
KAMA AUTO CONSULT



Used Car Sales And Purchase
kamaautoconsult.in
Mahesana Chokdi, Gandhinagar Link Road, Opp. Shahin Park Society, Visnagar-384315

સેલ... સેલ... સેલ... ૫૦% લેસ
રેમન્ડ, રેડ એન્ડ ટેલર, દિનેશ, દિગ્જામ
લીનન તથા કોટન પેન્ટ પીસ ૩ ફક્ત ૧૨૦૦/-ને વધુ
કોટન શર્ટ પીસ ૩ ફક્ત રૂા.૭૫૦/- ● શર્ટપીસ-૩ ફક્ત રૂા.૬૦૦/-
સેલ ફક્ત રમઝાન માટે ● પ્રખ્યાત મીલના પેન્ટપીસ-૩ ફક્ત રૂા.૭૫૦/-
પઠાણીનો ૬ મીટર કટ ફક્ત રૂા.૩૬૦/- ને વધુ
પ્રખ્યાત મિલોની જોડી ફક્ત રૂા.૨૫૦/- અને વધુ
યુનિટ ક્લોથ સેન્ટર ૬૩, આનંદ શોપિંગ સેન્ટર ન્યુ હાઈસ્કૂલ સામે, રતનપોળ, અહમદઆબાદ. રવિવારે ચાલુ

જેણે પોતાના મનને સાફ કર્યુ એ સફળ થઈ ગયો. અને ન કર્યુ એ નિષ્ફળ થયો. (સૂરઃઅશ્ શમ્સ આયત ૯-૧૦)
સરકાર માન્ય BIS Approved હોલમાર્ક જ્વેલર્સ
BIS 91.6 હોલમાર્ક



અલ-મદની જ્વેલ્સ (માણેકચોકવાળા)
સોના-ચાંદીના દાગીનાનો અદ્યતન શો-રૂમ
એ-૨૮, રોયલ નવાબ એવન્યુ, મોતી બેકરી પાસે, જુહાપુરા-સરખેજ રોડ, અમદાવાદ. ફોન : ૦૭૯ - ૨૬૮૨૩૧૨૩ મોબાઈલ : ૮૮૬૬૦ ૫૦૧૨૩

# હઝરત મુજઝઅહ બિન સૌર સદુસી

રદિયલ્લાહુ તઆલા અન્હુ

રોશનીના મીનાર

● ડો. અબ્દુર્રહમાન રફત પાશા

(ગતાંકથી ચાલુ...)

અચાનક તેમણે મહેસૂસ કર્યું કે તેમનો ઘોડો એવી રીતે કૂદી રહ્યો છે જાણે તે પોતાની લગામ તોડી નાખશે. તેઓ શાંત થઈ ગયા. તેમના શાંત થતાં જ ઘોડો શાંત થઈ ગયો. પછી જ્યારે તેમણે ફરીથી તિલાવત કરી:

"આવા લોકો પોતાના રબ તરફથી સીધા માર્ગ ઉપર છે અને તેઓ જ સફળતા પ્રાપ્ત કરવાવાળા છે." (સૂર: બકરહ—૫)

તો ઘોડો પહેલાં કરતાં પણ વધારે કૂદવા અને હણહણવા લાગ્યો. તેઓ ફરીથી શાંત થઈ ગયા. ઘોડો ફરીથી શાંત થઈ ગયો. હઝરત ઉસૈદે થોડા થોડા સમયે તિલાવત કરવાની ક્રિયા ઘણી વાર દોહરાવી. જ્યારે પણ તેઓ તિલાવત શરૂ કરતા, ઘોડો તાનમાં આવી જઈને ઊછળવા લાગતો અને જ્યારે તેઓ અટકી જતા તો ઘોડો પણ શાંત થઈ જતો. તેમને પોતાના દીકરા-દીકરી વિશે એ ખતરો લાગ્યો કે ક્યાંક ઘોડો તેમને કચડી ન નાખે. એટલા માટે તેઓ તેને જગાડવા માટે તેની પાસે ગયા. અચાનક તેમની નજર આકાશ તરફ ગઈ તો જુએ છે કે આકાશ પર વાદળોની છત્રી જેવું તણાયેલું છે. તે એટલું સુંદર અને મનોહર દશ્ય હતું જે આ પહેલાં તેમની નજરે ક્યારેય પણ નહોતું ચડ્યું. તેમણે જોયું કે તે વાદળો સાથે દીવા જેવા કેટલાક પ્રકાશિત પદાર્થો લટકી રહ્યા હતા, અહીં સુધી કે તે તેમની નજરથી દૂર થઈ ગયા. સવારે રસૂલુલ્લાહ ﷺની સેવામાં હાજર થઈને જ્યારે તેમણે રાતની ઘટના વર્ણવી તો આપે ફરમાવ્યું:

"ઉસૈદ! તેઓ ફરિશ્તાઓ હતા જે તમારી તિલાવત સાંભળવા માટે આવ્યા હતા. જો તમે તમારી તિલાવતનો સિલસિલો ન તોડ્યો હોત તો લોકો ફરિશ્તાઓને ખુલ્લેઆમ જોઈ શક્યા હોત."

જેવી રીતે હઝરત ઉસૈદ રદિ.ને અલ્લાહના પુસ્તક સાથે અસાધારણ પ્રેમ હતો તેવી જ રીતે તેમને રસૂલુલ્લાહ ﷺ સાથે પણ અત્યંત પ્રેમ હતો. આથી તેમનું વર્ણન છે કે બે સમય એવા છે જેમાં તેમના હૃદયની શુદ્ધતા અને ઈમાનની ચમક પોતાની ચરમસીમાએ પહોંચી જાય છે, જ્યારે તેઓ કુર્આન વાંચી રહ્યા હોય અથવા સાંભળી રહ્યા હોય અને જ્યારે તેઓ રસૂલુલ્લાહ ﷺને ખુત્બો આપતા અથવા વાતચીત કરતા જોઈ રહ્યા હોય.

તેમના દિલમાં અવારનવાર આ તમન્ના જાગતી રહેતી હતી કે તેમનું શરીર નબીએ કરીમ ﷺના મુબારક શરીરને સ્પર્શે અને તેઓ ઝૂકીને આપ ﷺના પવિત્ર શરીરનું ચુંબન લે. સદ્ભાગ્યે, એક વાર તેમને આ તક મળી ગઈ. એક દિવસ હઝરત ઉસૈદ રદિ. લોકોને પોતાની રમૂજ અને વાક્ચાતુર્યથી પ્રસન્ન કરી રહ્યા હતા. રસૂલુલ્લાહ ﷺ આનાથી ખુશ થઈને પોતાના હાથની આંગળી તેમના પેટમાં હળવેથી સ્પર્શી તો તેમણે કહ્યું કે યા રસૂલુલ્લાહ! આપે મને તકલીફ પહોંચાડી. તો આપે કહ્યું કે ઉસૈદ! તું મારી પાસેથી તેનો બદલો લઈ લે. હઝરત ઉસૈદ રદિ.એ કહ્યું કે આપના શરીર પર આ સમયે કમીઝ છે અને જ્યારે આપે મારા શરીરમાં આંગળી સ્પર્શી હતી ત્યારે મારા શરીર પર કપડાં ન'હોતા. આ સાંભળીને આપે પોતાના શરીર પરથી કપડું હટાવ્યું અને હઝરત ઉસૈદ રદિ. આ કહેતા આપના મુબારક શરીરને વળગી ગયા અને આપની બગલ અને કમરની વચ્ચેના ભાગને ચુંબન કરવા લાગ્યા.

"હે અલ્લાહના રસૂલ ﷺ મારા માતા-પિતા આપના પર કુર્બાન થાય. આ મારી એક એવી ઈચ્છા હતી જેને મેં મારા હૃદયમાં ત્યારથી સંઘરી રાખી હતી જ્યારેથી આપનો પરિચય થયો હતો. આજે મારી તે જૂની તમન્ના પૂરી થઈ ગઈ."

રસૂલુલ્લાહ ﷺ પણ હઝરત ઉસૈદ રદિ.ની મોહબ્બતનો જવાબ મોહબ્બતથી આપતા હતા અને તેમની મોહબ્બતે ઈસ્લામનું ખૂબ જ ધ્યાન રાખતા હતા. વધુમાં, તેઓ આ વાતનું પણ ખૂબ ધ્યાન રાખતા હતા કે તેમણે ગઝવા-એ-ઉહદમાં પોતાના જીવની બાજી લગાવીને આપનો બચાવ કર્યો, એટલા સુધી કે તે દિવસે તેમને ભાલાના સાત જીવલેણ ઘા વાગ્યા હતા. હઝરત ઉસૈદ રદિ.ને તેમના કબીલામાં જે માન-મરતબો પ્રાપ્ત હતો તેનો પણ આપ ﷺને પૂરો અહેસાસ હતો, તેથી જ્યારે તેઓ કોઈની ભલામણ કરતા તો આપ ﷺ તેમની ભલામણ જરૂર સ્વીકારતા હતા. હઝરત ઉસૈદ રદિ. કહે છે કે એકવાર મેં રસૂલુલ્લાહ ﷺની સેવામાં અન્સારના એક ઘરનો ઉલ્લેખ કર્યો જે ખૂબ જ ગરીબ અને જરૂરિયાતમંદ હતું અને તેમાં મોટાભાગની સ્ત્રીઓ હતી, તો રસૂલુલ્લાહ ﷺએ ફરમાવ્યું:

"ઉસૈદ! તમે મારી પાસે એવા સમયે આવ્યા છો જ્યારે હું તે બધો માલ વહેંચી ચૂક્યો છું જે મારા હાથમાં હતો. હવે જ્યારે તમે સાંભળો કે મારી પાસે માલ આવ્યો છે તો તે લોકોનો મારી પાસે ઉલ્લેખ કરજો."

તેના થોડા દિવસો પછી જ્યારે આપની પાસે ખૈબરથી માલ આવ્યો તો આપ તેને મુસલમાનોમાં વહેંચી દીધો અને ખાસ કરીને અન્સારને અને તે ઘરવાળાઓને ઘણી માત્રામાં માલ આપ્યો તો મેં કહ્યું:

હે અલ્લાહના પયગંબર ﷺ! અલ્લાહતઆલા આપને તેમની તરફથી શ્રેષ્ઠ બદલો આપે. તો આપ ﷺએ જવાબમાં ફરમાવ્યું:

"અન્સારના લોકો! અલ્લાહ તઆલા તમને શ્રેષ્ઠ બદલો આપે. જ્યાં સુધી હું જાણું છું તમે લોકો ધીરજ અને સંતોષ રાખનારા લોકો છો. મારા પછી તમારા હક્કોની અવગણના કરવામાં આવશે અને બીજાઓને તમારા પર પ્રાધાન્ય આપવામાં આવશે. જ્યારે આવું થાય તો તમે ધીરજ રાખજો જ્યાં સુધી મારી મુલાકાત ન થાય. આપણી મુલાકાત હૌઝે કોસર પર થશે."

હઝરત ઉસૈદ રદિ. કહે છે કે જ્યારે ખિલાફતની જવાબદારી હઝરત ઉમર બિન ખત્તાબ રદિ.ને સોંપવામાં આવી તો તેમણે એક દિવસ મુસલમાનોમાં માલ અને સામાન વહેંચ્યો અને મારી પાસે એક સાધારણ કપડાંની જોડી મોકલી. આ દરમિયાન જ્યારે હું મસ્જિદમાં હતો, ત્યારે મારી પાસેથી એક કુરેશી યુવાન પસાર થયો, જેના શરીરે તે જ જોડીમાંથી એક લાંબો પહોળો કપડાનો જોડ હતો, જેને તે જમીન પર ઘસડતો જઈ રહ્યો હતો. આ જોઈને મેં મારા એક સાથીને રસૂલુલ્લાહ ﷺની વાતનો ઉલ્લેખ કર્યો અને તે માણસે હઝરત ઉમર રદિ. પાસે જઈને મારી વાત તેમને જણાવી દીધી. તેઓ દોડતા મારી પાસે આવ્યા. હું તે સમયે નમાઝમાં મશગૂલ હતો. તેમણે કહ્યું કે ઉસૈદ રદિ.! નમાઝ પૂરી કરી લો. જ્યારે હું નમાઝથી ફારિગ થયો તો તેમણે મારી તરફ ધ્યાન આપ્યું અને પૂછ્યું કે તમે શું કહ્યું હતું. મેં જે કંઈ કહ્યું અને જોયું હતું તે તેમને જણાવ્યું તો તેમણે ફરમાવ્યું:

"અલ્લાહ તઆલા તમને માફ કરે. તે જોડો મેં ફલાણા પાસે મોકલ્યો હતો, તે એક અન્સારી છે જેમને બૈઅત-એ-ઉકબા, ગઝવ-એ-બદર અને જંગ-એ-ઉહદમાં ભાગ લેવાનું સન્માન પ્રાપ્ત છે. તેમની પાસેથી તે જોડો તે કુરેશી યુવાને ખરીદીને પહેર્યો હતો. શું તમે સમજો છો કે જે વાતની ખબર રસૂલુલ્લાહ ﷺએ તમને આપી હતી તે મારા જમાનામાં થશે? તો હઝરત ઉસૈદ રદિ.એ કહ્યું:

અમીરુલ મો'મિનીન! ખુદાના સોગંદ, મને લાગે છે કે તે વાત તમારા જમાનામાં નહીં થાય.

હઝરત ઉસૈદ રદિ. બિન હુઝૈરા આ પછી વધારે દિવસો સુધી જીવિત ન રહ્યા. હઝરત ઉમર રદિ.ના ખિલાફતના સમયમાં જ અલ્લાહ તઆલાએ તેમને પોતાના રહેમતના ખોળામાં બોલાવી લીધા. તેમના મૃત્યુ પછી ખબર પડી કે તેમના પર ચાર હજાર દિરહમનું દેવું છે. તેમના વારસદારોએ દેવું ચૂકવવા માટે તેમની જમીન વેચવા માંગી, પરંતુ જ્યારે હઝરત ઉમર રદિ.ને આ વાતની ખબર પડી તો તેમણે કહ્યું કે હું મારા ભાઈ ઉસૈદ રદિ.ના પરિવારને તદ્દન ગરીબ અને લોકો માટે બોજારૂપ નહીં બનવા દઉં. પછી તેમણે દેવાદારો સાથે વાતચીત કરીને તેમને આ વાત પર રાજી કરી લીધા કે તેઓ અને તેમની જમીનની પેદાશ ચાર વર્ષ સુધી વાર્ષિક એક હજાર દિરહમના હિસાબે ખરીદી લે. અને આ રીતે પોતાનું દેવું વસૂલ કરી લે. •••





Reg.No. A-7183 | Google Reviews 4.8 | Top Rated Dental Clinic

Dr. Saba Baloch B.D.S. (Dental Surgeon)

Dr. Saba Dental Clinic

Multi Speciality Family Dental Care

:: Our Specialities ::

Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::

Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm

Available on Emergency Trauma Cases +91 99983 60503

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55

Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

મોહંમદ ઝાહિદ અન્સારી : ૯૮૨૫૦૨૮૪૧૮
મોહંમદ શાહિદ અન્સારી : ૯૯૦૯૦૨૮૪૧૮
ટ્વીસ્ટ એન્જીનીયરીંગ વર્ક્સ
પ્લાસ્ટીક એક્ષ્ટ્રુશન પ્લાન્ટ મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
૪૪૧૦, ફેઝ-૪, જી.આઈ.ડી.સી., ઇન્ડોજર્મન ટુલ રૂમ પાછળ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, વટવા, અહમદાબાદ. ફોન : ૦૭૯-૨૫૮૪૨૮૭૮
E-mail : twistew@gmail.com

શાહીન સાપ્તાહિક
www.shaheenweekly.com
shaheenweekly.info@gmail.com
@ShaheenViewsWeekly
લેખકના વિચારોથી ટ્રસ્ટ અથવા સંપાદક મંડળનું સહેમત હોવું જરૂરી નથી.
વાર્ષિક લવાજમ : રૂા.૩૦૦ - ત્રિ વાર્ષિક રૂા.૭૫૦
ઓફિસ સમયઃ ૧૧ થી ૬ • મોઃ ૬૩૫૬૧૬૨૭૬૮



૧૦૦% શુધ્ધ કલૌંજીનું તેલ
કોન્ટેક્ટ નંબર
અહમદઆબાદઃ ૦૭૯-૨૬૬૫૦૭૪૧
સૂરત : ૯૭૨૬૧૫૫૫૪૪
બેંગ્લોર : ૯૫૯૧૩૭૩૯૮૪

# દસ્તાવેજ ચકાસણીના નામે નાગરિકોની હેરાનગતિ અંગે સિવિલ સોસાયટીની રજૂઆત



સુરતઃ સુરતમાં ગેરકાયદેસર વિદેશી નાગરિકોની ઓળખ માટેની પોલીસ કાર્યવાહીમાં બંગાળ, બિહાર અને અન્ય રાજ્યોના ભારતીય નાગરિકોને શંકાના આધારે અટકાયતમાં લેવાતા ચિંતા વધી છે, કેટલાકને યોગ્ય કારણ વગર બે-ત્રણ દિવસ રોકાયા છે. સિવિલ સોસાયટીના પ્રતિનિધિઓ ઈકરામ બેગ મિર્ઝા (સેક્રેટરી APCR ગુજરાત), અસલમ સાયકલવાલા (DGMS), અને પ્રસાદ ચાકો (PUCL)એ સુરત પોલીસ કમિશનર કચેરીમાં મદદનીશ પોલીસ કમિશનર બી. એ. ચૌધરી સાથે મુલાકાત કરી તમામ નાગરિકોની સલામતી અને બંધારણીય અધિકારોનું રક્ષણ કરવા, પશ્ચિમ બંગાળના મુસ્લિમ સમુદાયને નિશાન બનાવી અપમાનિત ન કરવા, પોલીસ દ્વારા કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવા અને નિર્દોષ ભારતીય નાગરિકોને અટકાયતમાં ન લેવા માંગણી કરી છે. પ્રતિનિધિઓએ ભારતના બંધારણ દ્વારા દરેક નાગરિકને મળેલા માનવ ગરિમા, સ્વતંત્રતા અને સમાનતાના અધિકારોનું મહત્ત્વ સમજાવ્યું અને કોઈ વિશેષ સમુદાયને નિશાન બનાવવું ગેરબંધારણીય અને સામાજિક સૌહાર્દ માટે હાનિકારક હોવાનું જણાવ્યું.

# ચિલ્ડ્રન ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન (CIO) દ્વારા સમર ઈસ્લામિક કેમ્પનું આયોજન




અહમદાબાદઃ ચિલ્ડ્રન ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશનની જુહાપુરા અને સરખેજ યુનિટ દ્વારા સમર ઈસ્લામીક કેમ્પનું આયોજન તારીખ ૨૦મી એપ્રિલથી ૧લી મે દરમિયાન કરવામાં આવ્યું હતું. આ સમર કેમ્પમાં ૨૦ થી ૨૯ એપ્રિલ દરમિયાન કુર્આન, સીરત, હદીસ, દુઆઓ, ફરાઈઝની હકીકત, અસમાઉલ હુસના, હયા, શૈતાનની ચાલો, જન્નતની મહિલાઓ વગેરે વિષયો અંતર્ગત જ્ઞાનપીરસવામાં આવ્યું. બાળકોની ઉંમર પ્રમાણે ત્રણ ગ્રુપ બનાવવામાં આવ્યા હતા ૫-૭ વર્ષ ૮-૧૦ વર્ષ અને ૧૧-૧૩ વર્ષ. દરેક ગ્રુપના અલગ ક્લાસીસ લેવામાં આવ્યા હતા. ૩૦મી એપ્રિલે ભણાવવામાં આવેલા વિષયોની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં વિજેતા બનેલા બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા. ૧લી મેના રોજ બાળકોની સર્જનાત્મકતાને ઉજાગર કરવા માટે ફન કાર્નિવલનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્નિવલમાં વિવિધ ખાણીપીણી, ગેમ્સ અને બાળકોના વપરાશની સામગ્રીના સ્ટોલ લગાવવામાં આવ્યા હતા. સમર કેમ્પના દરેક દિવસે બાળકોએ નિયમિત કસરત, ખેલકૂદ સાથે હરસોલ્લાસની મજા માણી હતી. કેમ્પમાં લગભગ ૬૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. કેમ્પને સફળ બનાવવા જબીના ખાનમ પઠાણ, સુમૈયા વ્હોરા અને ડો. સબીહા અન્સારીએ મુખ્ય ફાળો આપ્યો હતો.

scan me

## અભિનંદન



તારીખ ૨૩-૨૭ એપ્રિલ ૨૦૨૫ સુરત ખાતે રાજ્ય સ્તરે ખેલ મહાકુંભ અંતર્ગત રોલર સ્કેટિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સી.યુ.શાહ કોલેજમાં ભણતી અને શ્રેયસ ફાઉન્ડેશનમાં ફ્યુઝન ટીમમાં રોનક શાહ જેવા અનુભવી કોચના અંડરમાં ટ્રેન્ડ થયેલ છીપા હુમેરા મોહમ્મદ આસિફે મેડલ મેળવી તેમના માતાપિતાનું નામ રોશન કર્યું હતું. હુમેરાને ૩૦૦૦ મીટર રોડરેસમાં સિલ્વર અને ૫૦૦ અને ૧૦૦૦ મીટર રિંકરેસમાં બ્રોન્ઝ મેડલ મેળવવા બદલ ખૂબ ખુબ અભિનંદન.

SHAHEEN WEEKLY

| | | |
|---|---|---|
| Bank A/c. No. | : | 163110100013154 |
| Bank/Branch | : | BOMBAY MERCANTILE CO-OP BANK LTD |
| IFSC Code | : | BMCB0000039 |
| Affiliated | : | AXIS BANK LTD. |

NEFT

Irfan Memon
Riyaz Memon
We give the purity GOLD, SILVER & DIAMOND
98246 41965
Latest Gold, Silver, Real Diamond Jewellery Showroom in the Heart of Juhapura

ALIF GOLD PALACE
9/10, Ground Floor, Classic Heights. Bs.Alif Silver & Diamond, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055

ALIF SILVER & DIAMOND
LADIES REAL DIAMOND RING & ORNAMENTS
₹ 6000/- Starting
6/7, Ground Floor, Classic Heights. Bs.Alif Gold Palace, Juhapura, Sarkhej Road, Ahmedabad-380055


ઈલ્યાસ પિસુવાલા
M.: 09825020386
M.: 09925020386
HMG
હમદુભાઈ મોમીનભાઈ ગ્રાન્ડ સન્સ
લગ્ન તથા શુભ પ્રસંગે ફેન્સી થાળ, મેલમાઈન બ્રાસ, કોકરી તથા ફેન્સી ડેકોરેટીવ વસ્તુ ભાડે આપનાર
હેડ ઓઃ 39, શીતલ એસ્ટેટ, સરખેજ રેલ્વે ક્રોસીંગ પાસે, સરખેજ, અહમદાબાદ - 382210
બ્રાન્ચ ઓઃ 86, વૃંદાવન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંજાના ફાર્મ, સુરત
E-mail : info@ilyashamdubhai.com • Website : www.ilyashamdubhai.com

મોઃ ૯૮૨૫૦૩૪૭૮૯ | ૮૨૩૮૦૫૧૨૧૪
એલ.પી. ચટાઈવાલા

મસ્જિદની સફ માટે સલી ચટાઈ, નાયલોન ચટાઈ, કોટન મુસલ્લા, બેલ્જીયમ ગાલીચા સફ માટે, દરેક જાતના સોફાનું મટીરીયલ્સ મળશે.
૩૦૯૨, ત્રણ દરવાજા, અહમદઆબાદ - ૩૮૦ ૦૦૧

Printed and Published : **ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN on behalf of ISLAMI SAHITYA PRAKASHAN** and printed at Unique Offset Nobatsinh Ruparam Estate, Near Punjab National Bank, Tavdipura, Dudheshwar, Ahmeabad-380 004 and published from B/4, 4th Floor, Karishma Complex, 132 Ft. Ring Road, Sarni Society Corner, Jhuhapura, Ahmedabad -380 055 • **Editor -ANSARI MOHAMMAD KALIM MOHAMMAD SULEMAN.**